# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૧૦ * જૂન, ૨૦૧૯




અંકલેશ્વરમાં ષટ્ખંડાગમની પૂર્ણાહૂતિ અને
સંઘ સહિત ષટ્ખંડાગમ શાસ્ત્રની પૂજા



શ્રી શ્રુતદેવતા જયવંત વર્તો.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (—શ્રાવક) છું' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અંધકાર કરે છે. તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય ભગવાન સમયસારને દેખતા—અનુભવતા નથી. ૧૭૪૦. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪૧૩)

● નટ સ્વાંગ ધરી નાચે છે, જો સ્વાંગ ન ધારે તો એ પરરૂપ નાચવું મટે. મમત્વથી પરરૂપ થઈ થઈ આ જીવ ચોરાશીના સ્વાંગ ધરી નાચે છે. મમત્વને મટાડી સહજપદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય. ચંચળતા મટતાં ચિદાનંદનો ઉદ્ધાર થાય છે. જ્ઞાનદૃષ્ટિ ખૂલે છે. જરાક સ્વરૂપમાં સુસ્થિર થતાં ગતિભ્રમણ મટે છે, માટે જે સ્વરૂપમાં સદા સ્થિર રહે તેને ધન્ય છે. ૧૭૪૧. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ-૨૭)

● શંકા :—મોક્ષને માટે ધ્યાન કરવામાં આવે છે અને આ કાળે મોક્ષ તો નથી, તો ધ્યાન કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—એમ નથી. કેમકે આ કાળે પણ પરંપરાએ મોક્ષ છે.

પ્રશ્ન :—પરંપરાએ મોક્ષ કેવી રીતે છે?

ઉત્તર :—ધ્યાન કરનાર સ્વશુદ્ધાત્માની ભાવનાના બળથી સંસારની સ્થિતિ અલ્પ કરીને સ્વર્ગમાં જાય છે. ત્યાંથી આવીને મનુષ્યભવમાં રત્નત્રયની ભાવના પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષ જાય છે. જે ભરત, સગર, રામચંદ્રજી, પાંડવો વગેરે મોક્ષે ગયા છે. તેઓ પણ પૂર્વભવમાં ભેદાભેદ—રત્નત્રયની ભાવનાથી સંસારની સ્થિતિ ઘટાડીને પછી મોક્ષે ગયા છે. તે જ ભવે બધાને મોક્ષ થાય છે એવો નિયમ નથી. ૧૭૪૨

(શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫૭ની ટીકામાંથી)

● જેવી રીતે હંસના મુખનો સ્પર્શ થવાથી દૂધ અને પાણી જુદાં જુદાં થઈ જાય છે, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવોની સુદૃષ્ટિમાં સ્વભાવથી જ જીવ, કર્મ અને શરીર ભિન્ન-ભિન્ન ભાસે છે. જ્યારે શુદ્ધ ચૈતન્યના અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ આત્મદ્રવ્ય પ્રતિભાસિત થાય છે, તેનો કોઈ બીજા સાથે મેળ દેખાતો નથી. હા. પૂર્વે બાંધેલા કર્મો ઉદયમાં આવેલા દેખાય છે પણ અહંબુદ્ધિના અભાવમાં તેમનો કર્તા નથી થતો, માત્ર તે તેનો જોનાર રહે છે. ૧૭૪૪.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, કર્તાકર્મક્રિયાદ્વાર, પદ-૧૫)

વર્ષ–૧૩
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૫
June
A.D. 2019

# શ્રુતપંચમી અને આપણી ભાવના

## ભાવશ્રુતવડે જ્ઞાનસ્વરૂપ આત્માને જે જાણે તે શ્રુતકેવળી

જેઠ સુદ પના રોજ શ્રુતપંચમીનો મહામંગળ દિવસ છે. સત્શ્રુતની આરાધનાવડે આત્મામાં સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે જ મંગળ છે, તે જ સાચી જ્ઞાનઆરાધના છે.

'શ્રુતજ્ઞાન' કહેતાં લોકોની દૃષ્ટિ બાહ્યમાં શાસ્ત્રના લખાણ ઉપર જાય છે; શાસ્ત્રના લખાણના આધારે શ્રુતને ટકેલું માને છે; પરંતુ શ્રુતજ્ઞાન એ તો જ્ઞાન છે, અને જ્ઞાન તો આત્માના આધારે છે–એમ અંતરાત્મદૃષ્ટિ કોઈ વીરલા જ કરે છે.

એકવાર કોઈ જિજ્ઞાસુએ ગુરુદેવશ્રીને પ્રશ્ન પૂછ્યો–

'ભરતક્ષેત્રમાં અત્યારે કેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે ?'

ઉત્તરમાં ગંભીરતાથી ગુરુદેવશ્રીએ કહ્યું–ભરતક્ષેત્રમાં વિચરતા સમ્યગ્જ્ઞાની જીવોમાં જે જીવના શ્રુતજ્ઞાનનો ઉઘાડ સર્વથી વધારે હોય તેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે અને બાકીનું વિચ્છેદ છે. ભલે શાસ્ત્રમાં શબ્દો લખેલા વિદ્યમાન હોય, પરંતુ જો તેનો આશય સમજનાર કોઈ જીવ વિદ્યમાન ન હોય તો તે વિચ્છેદરૂપ જ છે એટલે 'શ્રુતજ્ઞાન' આત્માના આધારે ટકેલું છે, નહિ કે શબ્દોના આધારે.

સમ્યગ્જ્ઞાની જીવો શ્રુતની સાક્ષાત્ મૂર્તિ છે. તેવા જીવોની વાણીની ઉપાસના તે શ્રુતની જ ઉપાસના છે. શ્રુતજ્ઞાની જીવની વાણી તે શ્રુતનું સીધું નિમિત્ત છે; તેને તત્કાલબોધક કહી છે.

સાક્ષાત્ શ્રુતની મૂર્તિ એવા સમ્યગ્જ્ઞાની પુરુષ પાસેથી જ સત્શ્રુતની પ્રાપ્તિ થાય. એક વખત પણ સાક્ષાત્ જ્ઞાની પાસેથી સત્ સાંભળ્યા વગર એકલા શાસ્ત્રમાંથી પોતાની મેળે કોઈ પણ જીવ સત્ સમજી શકે નહીં. જો વર્તમાન તેવા જ્ઞાનીનો સમાગમ ન મળ્યો

હોય તો પૂર્વે કરેલા જ્ઞાનીના સમાગમના સંસ્કાર યાદ આવવા જોઈએ. પણ જ્ઞાનીનો ઉપદેશ સાંભળ્યા વગર કોઈ પણ જીવને સમ્યગ્દર્શન થાય જ નહીં.

શ્રુતજ્ઞાનનું પ્રયોજન શુદ્ધાત્માને જાણવાનું છે; શ્રુતજ્ઞાન વડે જે જીવ પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓને કેવળીભગવાનો 'શ્રુતકેવળી' કહે છે—એમ સમયસારજીમાં કહ્યું છે; કેમકે બાર અંગ અને ચૌદપૂર્વના જ્ઞાનનો આધાર એવો જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા તેણે જાણી લીધો તેથી તે શ્રુતકેવળી છે. અમુક શાસ્ત્રોને જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા ભેદથી છે, પણ બધા જ્ઞાનનો આધાર શુદ્ધાત્મા છે, તેને જે જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા અભેદદષ્ટિથી છે. એવા 'નિશ્ચય-શ્રુતકેવળી' આત્માઓ (એટલે કે સમ્યગ્દષ્ટિ જીવો) અત્યારે આ ભરતક્ષેત્રમાં વિરલ-વિરલ પણ જોવામાં આવે છે. ભરતક્ષેત્રના ભવ્યજીવોને એવા વિરલા શ્રુતજ્ઞાનીઓ પાસેથી સત્શ્રુતની પ્રાપ્તિ કરવાનું સૌભાગ્ય હજી તપી રહ્યું છે—અને હજારો વર્ષો સુધી અચ્છિન્નપણે રહેવાનું છે—વીરનાથનો માર્ગ પંચમકાળના અંત સુધી હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી ચાલુ રહેવાનો છે.

ભલે આજે ભરતક્ષેત્રમાં બાર અંગ—ચૌદપૂર્વના જ્ઞાતા વિદ્યમાન નથી, તોપણ બાર અંગ અને ચૌદ પૂર્વ જેના આધારે છે એવા શુદ્ધાત્માને જાણનારા શ્રુતજ્ઞાનીઓ તો આજે પણ વિદ્યમાન છે. એ ભાવશ્રુતવડે મોક્ષમાર્ગી આજે પણ થઈ શકાય છે. બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતાઓને જેવું શુદ્ધાત્માનું જ્ઞાન હતું તેવું જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ શ્રુતજ્ઞાનીઓને છે, અને પ્રગટ થઈ શકે છે.—સ્વાત્માના શ્રુતજ્ઞાનની અપેક્ષાએ એ બંનેમાં કાંઈ ફેર નથી. બાર અંગ ચૌદ પૂર્વના શ્રુતજ્ઞાનીઓ જેવા શુદ્ધાત્માને જાણતા હતા, તેવા જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ થઈ શકે છે. માટે ભવ્યજીવો અંતરંગમાં પ્રમોદ કરો કે આજે પણ સત્શ્રુત જયવંત વર્તે છે! મોક્ષને સાધનારું શુદ્ધાત્મઅનુભૂતિરૂપ જ્ઞાન આજે પણ વિદ્યમાન વર્તે છે. ધન્ય કાળ!

—આ થઈ નિશ્ચય-શ્રુતની વાત. નિશ્ચયશ્રુત એટલે શ્રુતજ્ઞાનવડે શુદ્ધાત્માનું જ્ઞાન. આ શુદ્ધાત્માનું જ્ઞાન તો પંચમકાળના છેડા સુધી અવિચ્છિન્નપણે રહેવાનું છે, તેનો વિચ્છેદ નથી. હવે વ્યવહાર-શ્રુતજ્ઞાન અપેક્ષાએ જોઈએ તો અત્યારે શ્રુતનો ઘણો મોટો ભાગ વિચ્છેદ થઈ ગયો છે, અને તેનો અંશ વિદ્યમાન છે. આજે બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતા તો નથી પણ એક અંગના પણ પૂર્ણપણે જ્ઞાતા નથી છતાં—આજે આપણી પાસે શ્રુતનો જે નાનકડો અંશ વિદ્યમાન છે તે સર્વજ્ઞ પરંપરાથી અવિચ્છિન્નપણે આવેલો હોવાથી તેનું બિંદુ પણ સિંધુનું કાર્ય કરે છે—વીતરાગી અમૃત ભલે થોડું હોય તો પણ તેના મહાન ફળને આપે જ છે.

આજે જે પવિત્ર સત્શ્રુત વિદ્યમાન છે તેમાં 'श्री षट्खंडागम्' સૌથી પ્રાચીન અને સર્વજ્ઞ પરંપરાથી ચાલી આવેલા છે. આપણા સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વતની ચંદ્રગુફામાં એક મહામુનિ ધરસેનાચાર્ય ધ્યાન કરતા હતા. તેઓ અંગો અને પૂર્વોના એકદેશ જ્ઞાતા હતા. તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલ હતા. એકવાર તેઓશ્રીને એવો ભય ઉત્પન્ન થયો કે હવે અંગ-શ્રુત વિચ્છેદ થઈ જશે....આથી તેઓને વિકલ્પ ઉઠ્યો કે શ્રુતજ્ઞાન અવિચ્છિન્નપણે જયવંત રહે ! અને શ્રુતનું અવિચ્છિન્નપણે વહન કરી શકે એવા પુષ્પદંત મુનિ અને ભૂતબલિ મુનિ એ બે સમર્થ મુનિરાજો ધરસેનાચાર્ય પાસે આવ્યા, તેઓને આચાર્યદેવ પાસેથી જે શ્રુત મળ્યું તે પુસ્તકારૂઢ કર્યું અને લગભગ ૧૮૦૦ વર્ષ પહેલાં જેઠ સુદ ૫ ના રોજ એ પુસ્તક (ષટ્ખંડાગમ)ની ભૂતબલિ આચાર્યદેવની હાજરીમાં ચતુર્વિધ સંઘે અંકલેશ્વરમાં મહાન પૂજા-પ્રભાવના કરી હતી. ત્યારથી તે તિથિએ શ્રુતની પૂજા અને મહોત્સવ થાય છે. અને તે દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જૈનશાસનમાં આચાર્ય ભગવંતોની પરમકૃપાથી એ પવિત્ર શ્રુતનો લાભ આજે પણ આપણને મળે છે.

ત્યારપછી અધ્યાત્મશાસ્ત્રો રચાયાં. આજથી લગભગ ૧૮૦૦ વર્ષ પહેલાં મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પરમ અધ્યાત્મ શાસ્ત્રોની રચના કરી; તેમાં સર્વજ્ઞદેવોની દિવ્યવાણીનું રહસ્ય સમાવી દીધું, અને એ અપૂર્વ શ્રુતની પ્રતિષ્ઠા વડે તેઓશ્રીએ બાર અંગ અને ચૌદ પૂર્વના વિચ્છેદને ભૂલાવી દીધો. સ્વાનુભૂતિનો અગાધ વૈભવ આચાર્યદેવે તે શાસ્ત્રોમાં ભર્યો છે.

આ રીતે, જેમ નિશ્ચય શ્રુતજ્ઞાન આજે અવિચ્છિન્નપણે વર્તે છે તેમ વ્યવહાર શ્રુત (દ્રવ્યશ્રુત) પણ અવિચ્છિન્નપણે વર્તી રહ્યું છે. પરંતુ—આજે આપણી પાસે વિપુલ શ્રુતભંડાર શાસ્ત્રરૂપે વિદ્યમાન હોવા છતાં—તેનો અંતરંગ મર્મ તો શ્રુતજ્ઞાની પુરુષોના હૃદયમાં ભરેલો છે. જ્ઞાનીના સમાગમે શાસ્ત્રનો મર્મ સમજીને જે શુદ્ધાત્માની સ્વાનુભૂતિ કરે તેના આત્મામાં શ્રુતજ્ઞાન સદાય જીવંત છે તેને શ્રુતનો કદી વિરહ નથી.

સત્શ્રુતના એકેક સૂત્રમાં ભરેલા બાર અંગ અને ચૌદ પૂર્વના મૂળભૂત રહસ્યોને તો સાક્ષાત્ શ્રુતમૂર્તિ જ્ઞાનીઓ જ પ્રગટ કરી શકે. આજે એવા શ્રુતમૂર્તિ જ્ઞાની-સંતો પાસેથી આપણને એ શ્રુતનું રહસ્ય મળી રહ્યું છે તે આપણું સૌભાગ્ય છે... એવા શ્રુતમૂર્તિની ઉપાસના વડે સત્શ્રુતની પ્રાપ્તિ થાય છે ને મોક્ષમાર્ગ ખૂલે છે. આવું આત્મહિતકારી સત્શ્રુત સદાય જયવંત રહીને જગતનું કલ્યાણ કરો— એ જ મંગળ ભાવના !!!



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે ! ૩૮

'હું એક છું'—ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી, માટે હું એક છું. જ્ઞાનની જ અખંડમૂર્તિ હું એક છું. પર્યાયમાં મનુષ્ય-દેવ વગેરે ભાવો ક્રમરૂપ હો, જોગ-લેશ્યા-મતિશ્રુત વગેરે જ્ઞાનો અક્રમે એક સાથે હો, પણ તે ભેદરૂપ વ્યવહારભાવો વડે હું ભેદાઈ જતો નથી. હું તો ચિન્માત્ર એકાકાર જ રહું છું—મારા અનુભવમાં તો જ્ઞાયક એકાકાર સ્વભાવ જ આવે છે—માટે હું એક છું. મારા આત્માને હું એકપણે જ અનુભવું છું....ખંડખંડ ભેદરૂપ નથી અનુભવ તો જે પ્રત્યક્ષ થયો તે જ હું છું. મારા સ્વસંવેદનમાં બીજું બધું બહાર રહી જાય છે તે હું નથી, સ્વસંવેદનમાં ચૈતન્યમાત્ર આત્મા પ્રત્યક્ષ થયો તે જ હું છું.

'હું શુદ્ધ છું'—નરનારકાદિ જીવના વિશેષો, તેમજ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા ને મોક્ષસ્વરૂપ જે વ્યવહાર નવતત્ત્વો છે તેમનાથી અત્યંત જુદો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ છું. તેથી હું શુદ્ધ છું. નવે તત્ત્વોના વિકલ્પોથી હું પાર છું. પર્યાયમાં હું પાર છું...પર્યાયમાં હું શુદ્ધ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમ્યો છું. માટે હું શુદ્ધ છું. શુદ્ધ જ્ઞાયકભાવમાત્ર મારા આત્માને હું શુદ્ધપણે અનુભવું છું. નવ તત્ત્વના ભેદ તરફ હું નથી. વળતો—તેના વિકલ્પોને નથી અનુભવતો, પણ જ્ઞાયકસ્વભાવ તરફ વળીને, નવતત્વના વિકલ્પો રહિત થઈને, હું મારા આત્માને શુદ્ધપણે અનુભવું છું. નવે તત્ત્વોના રાગમિશ્રિત વિકલ્પથી હું અત્યંત જુદો થઈ ગયો છું. નિર્વિકલ્પ થઈને અંતરમાં આનંદસ્વરૂપ આત્માને એકને જ હું અનુભવું છું માટે હું શુદ્ધ છું મારા વેદનમાં શુદ્ધઆત્મા જ છે.

હું દર્શન-જ્ઞાનમય છું—હું ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને

રાગ–દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવર ભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮. –શ્રી યોગસાર

ઉલ્લંઘતો નથી. તેથી દર્શન-જ્ઞાનમય છું. હું મારા આત્માને દર્શન-જ્ઞાન-ઉપયોગરૂપ જ અનુભવું છું.

હું સદાય અરૂપી છું—સ્પર્શ-રસ-ગંધ-વર્ણ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ તે સ્પર્શાદિ રૂપી-પદાર્થોરૂપે હું પરિણમ્યો નથી માટે હું સદા અરૂપી છું. રૂપી પદાર્થોને જાણતાં છતાં હું રૂપી સાથે તન્મય થતો નથી. હું તો જ્ઞાન સાથે જ તન્મય છું માટે હું અરૂપી છું. રૂપી પદાર્થો મારાપણે મને નથી અનુભવાતા, માટે હું અરૂપી છું.

—આમ સર્વથી જુદા, એક, શુદ્ધ, જ્ઞાનદર્શનમય, સદા અરૂપી આત્માને હું અનુભવું છું અને આવા મારા સ્વરૂપને અનુભવતો હું પ્રતાપવંત વર્તું છું.

સ્વસંવેદનપ્રત્યક્ષ આત્માના અનુભવથી પ્રતાપવંત વર્તતા એવા મને, મારાથી બાહ્ય વર્તતા સમસ્ત પદાર્થોમાં કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. મારાથી બહાર જીવ અને અજીવ, સિદ્ધ અને સાધક એવા અનંત પરદ્રવ્યો પોતપોતાની સ્વરૂપસંપદા સહિત વર્તે છે તો પણ સ્વસંવેદનથી પ્રતાપવંત વર્તતા એવા મને તે કોઈ પરદ્રવ્ય જરાય મારાપણે ભાસતું નથી, મારું શુદ્ધ તત્ત્વ પરિપૂર્ણ છે તે જ મને મારાપણે અનુભવાય છે. મારી પૂર્ણતામાં પરદ્રવ્યનો એક રજકણમાત્ર મને મારાપણે ભાસતો નથી કે જે મારી સાથે (ભાવકપણે કે જ્ઞેયપણે) એક થઈને મોહ ઉત્પન્ન કરે, નિજરસથી જ સમસ્ત મોહને ઉખેડી નાખ્યો છે, નિજરસથી જ સમસ્ત મોહને ઉખેડી નાંખીને ફરી તેનો અંકુર ન ઉપજે એ રીતે તેનો નાશ કરીને મને મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. મારા આત્મામાંથી મોહનો નાશ થયો છે ને અપૂર્વ સમ્યગ્જ્ઞાનપ્રકાશ ખીલી ગયો છે એમ હું મારા સ્વસંવેદનથી નિઃશંકપણે જાણું છું. મારા આત્મામાં શાંતરસ ઉલ્લસી રહ્યો છે....અનંતભવ હોવાની શંકા નિર્મૂલ થઈ ગઈ છે ને ચૈતન્યના આનંદના અનુભવ સહિત મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટી ગયો છે.

આ રીતે, શ્રીગુરુવડે પરમ અનુગ્રહપૂર્વક શુદ્ધઆત્માનું સ્વરૂપ સમજાવવામાં આવતાં, નિરંતર ઉદ્યમવડે સમજીને શિષ્યે પોતાના આત્માનો આવો અનુભવ કર્યો. તેનું વર્ણન કર્યું.　　(ક્રમશઃ)

**મન ન ઘટે, આયુ ઘટે, ઘટે ન ઇચ્છા-મોહ;**
**આતમહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર. ૪૯.　　–શ્રી યોગસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૨૨
(ગાથા ૩૮)



શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને રચેલા નિયમસાર શાસ્ત્રનો આ ત્રીજો અધિકાર શરૂ થાય છે. આનું નામ શુદ્ધભાવ—અધિકાર છે. આત્માનો ત્રિકાળી પરમશુદ્ધ સ્વભાવ તે શુદ્ધભાવ છે, તેનું આમાં વર્ણન છે. આત્માના પરમશુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતા થતાં પર્યાયમાં જે શુદ્ધભાવ પ્રગટે છે તે શુદ્ધભાવ મોક્ષનું કારણ છે. આત્માનો ત્રિકાળ પરમશુદ્ધ સ્વભાવ છે, તે જ ઉપાદેય છે. પુણ્ય અને પાપ એ બંને વિકારીભાવો છે, તે છોડવા જેવા છે; એ બંને ભાવો અશુદ્ધભાવના પડખાં છે, તેમનાથી ધર્મ થતો નથી. ધર્મ તો આત્માના શુદ્ધભાવથી થાય છે.

પોતાના આત્માનો જે શુદ્ધસ્વભાવ છે તે જ ઉપાદેય છે, વિકારભાવ હેય છે; પોતાના આત્મા સિવાય બીજા આત્માઓનું લક્ષ પણ છોડવાયોગ્ય છે. જડકર્મોથી અને વિકારીભાવોથી આત્મા જુદો છે. અને જે નિર્મળપર્યાય પ્રગટે છે તે પર્યાય જેટલો પણ આત્મા નથી. સદાય એકરૂપ પૂરો આત્મસ્વભાવ છે, તે જ ઉપાદેય છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ, અરાગી—અદ્વેષી, શાંત છે; તેના સ્વભાવમાં કદી વિકાર નથી. બધા જીવોનો આવો શુદ્ધસ્વભાવ છે. ધર્મીનો આત્મા આવો છે, ને અજ્ઞાની જીવો ન માને તોય તેમનો આત્મા આવો જ છે. અજ્ઞાની જીવ પોતાના આત્માને વિકારમય માને છે તોપણ તેનો સ્વભાવ તો વિકારથી જુદો જ છે,—એમ જ્ઞાની જાણે છે. તે ત્રિકાળી શુદ્ધસ્વભાવનું આ અધિકારમાં વર્ણન છે.

આત્માનો સ્વભાવ કર્મની ઉપાધિ વગરનો છે; કર્મની અપેક્ષાથી જે ભાવો પ્રગટે તે આત્માનો સ્વભાવ નથી. આ રીતે કર્મનું લક્ષ છોડીને પોતાના શુદ્ધસ્વભાવના આશ્રયે જો પુરુષાર્થ કરે તો મુક્તિ પ્રગટે. અહીં આત્માને કર્મની ઉપાધિ રહિત કહ્યો છે, તે વાત કેવળીભગવાનના આત્માની જ ન સમજવી, પણ બધાય આત્માનો સ્વભાવ એવો જ છે.

**જ્યમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;**
**શીઘ્ર મળે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન. ૫૦. —શ્રી યોગસાર**

અહીં આચાર્યદેવ પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી આત્મદ્રવ્યનું સ્વરૂપ સમજાવે છે.

એક વસ્તુમાં બીજા વસ્તુની નાસ્તિ છે; આત્મામાં કર્મની નાસ્તિ છે. કર્મની નાસ્તિ કહેતાં, કર્મની અપેક્ષાએ થતા વિકારીભાવોની પણ નાસ્તિ છે—એમ આવી જાય છે. જો કર્મની અપેક્ષા છોડીને એકલા આત્મસ્વભાવને જોઈએ તો તેમાં વિકારનો અભાવ છે, એટલે કે આત્માનો સ્વભાવ વિકારરહિત શુદ્ધ છે. એ સ્વભાવને સમજવો ને તેમાં લીન થવું તે ધર્મ છે.

આત્મા સદા ચૈતન્યસ્વરૂપ છે, ને કર્મો અચેતન છે. આત્મામાં કર્મ રહેલાં નથી; આત્મા અને કર્મ બંને જુદી ચીજ છે. એક વસ્તુની હયાતિમાં બીજી વસ્તુની હયાતિ હોઈ જ શકે નહિ. જો એક વસ્તુમાં બીજી વસ્તુની હયાતિ હોય તો બંને વસ્તુનું જુદું સ્વરૂપ જ સિદ્ધ ન થઈ શકે. આત્મા અને કર્મ એ બંને વસ્તુનું સ્વરૂપ જુદું જુદું છે. આત્માના સ્વરૂપમાં કર્મની હયાતી નથી. કર્મ આત્મામાં છે જ નહિ તો પછી તે આત્માને શું નુકશાન કરે ?

કર્મથી તો આત્મા જુદો છે, પણ 'કર્મો મારામાં છે, કર્મો મને રાગાદિ કરાવે છે'એમ માનીને અજ્ઞાની જીવ જે રાગ-દ્વેષ-મોહભાવો કરે છે તે ભાવો પણ આત્માના સ્વરૂપમાં નથી, જો તે વિકારીભાવો આત્માના સ્વરૂપમાં હોય તો આત્માથી તેઓ કદી જુદા પડે નહિ. જીવ પોતે પર્યાયમાં પરના આશ્રયે તે ભાવો કરે છે પરંતુ આત્માનો જે શુદ્ધસ્વભાવ છે તે તેનાથી જુદો છે.

જીવદ્રવ્ય સ્વતંત્ર છે, તેના ગુણો સ્વતંત્ર છે ને તેના પર્યાયો પણ સ્વતંત્રપણે થાય છે. પર વસ્તુઓ કદી પણ જીવને પરાધીન કરતી નથી. જીવ પોતાના જ દોષથી પરના આશ્રયે દુઃખી થાય છે, પણ અજ્ઞાની જીવ પોતાના પર્યાયની સ્વતંત્રતા ભૂલીને કર્મનો વાંક કાઢે છે, તે અજ્ઞાનભાવ છે. તે અજ્ઞાનભાવ ક્ષણિક છે, આત્માના સ્વભાવમાં તે અજ્ઞાનભાવ નથી.

આ રીતે આત્મા કર્મોથી જુદો છે અને કર્મના નિમિત્તે થતા વિકારીભાવોથી પણ જુદો છે; તેમ જ, કોઈ જીવો પોતાના સ્વભાવની ઓળખાણદ્વારા વિકાર ટાળીને નિર્મળપર્યાય પ્રગટ કરે છે, તે નિર્મળ પર્યાય જેટલો પણ આખો આત્મા નથી. આત્માનો સ્વભાવ નિરપેક્ષ છે, તે કદી નાશ પામતો નથી ને તે કદી નવો પ્રગટતો નથી. આત્માનો

**નર્કવાસ સમ જર્જરિત જાણો મલિન શરીર;**
**કરી શુદ્ધાતમ-ભાવના, શીઘ્ર લહો ભવતીર. ૫૧. –શ્રી યોગસાર**

સ્વભાવ સદાય એકરૂપ છે, અત્યારે પણ તે એકરૂપ પરિપૂર્ણ છે.—એવો જે આત્મ-સ્વભાવ છે તે જ શુદ્ધભાવ છે; શ્રી આચાર્યદેવ આ અધિકારમાં તેનું વર્ણન કરે છે.

**ગાથા—૩૮**

અત્યંત આસન્નભવ્ય જીવોને કયા તત્ત્વ આદરવાયોગ્ય છે અને કયા તત્ત્વ છોડવાયોગ્ય છે, તે કહે છે :—

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्ञाएहिं वदिरित्तो ।।३८।।**

**जीवादिबहिस्तत्त्वं हेयमुपादेयमात्मनः आत्मा।**
**कर्मोपाधिसमुद्भवगुणपर्यायैर्व्यतिरिक्तः ।।३८।।**

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

અર્થ :—આ આત્માને, કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલા ગુણપર્યાયોથી જુદો એવો પોતાનો આત્મા જ ઉપાદેય છે, જીવાદિ બહિર્તત્ત્વો હેય છે.

જીવને પોતાનો અંતર્ આત્મસ્વભાવ જ ઉપાદેય છે, એટલે તેની જ શ્રદ્ધા કરવા જેવી છે; જીવાદિ સાત તત્ત્વો આત્મસ્વભાવથી બાહ્ય છે,—પરદ્રવ્યસ્વરૂપ છે, તેથી તે ગ્રહવાયોગ્ય નથી. સાત તત્ત્વોના વિકલ્પ તે રાગ છે, તેની શ્રદ્ધા કરવા જેવી નથી, પણ તેનાથી જુદો પોતાનો સ્વભાવ છે તે જ શ્રદ્ધવાયોગ્ય છે.

જીવના મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન વગેરે પર્યાયને વિભાવગુણ કહેવાય છે અને મનુષ્ય-તિર્યંચ વગેરે દશાને વિભાવપર્યાય કહેવાય છે. તે બંને ભાવો કર્મોની ઉપાધિથી થાય છે, તેઓ આત્માનો સ્વભાવ નથી. વિભાવરહિત પરિપૂર્ણ નિજપરમાત્મસ્વભાવ છે, તેની શ્રદ્ધાથી જ સમ્યગ્દર્શન થાય છે. બે જ ભાગ પડ્યા છે—એક પોતાનો અનાદિઅનંત પારિણામિકસ્વભાવ, તે શુદ્ધભાવ છે ને તે જ ઉપાદેય છે; અને એ સિવાય બીજા બધા તત્ત્વો હેય છે. (ક્રમશઃ)

❈

**વ્યવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;**
**તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨. –શ્રી યોગસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

રત્નત્રયસહિત જીવ જ ઉત્તમ તીર્થ છે, તેમ કહે છે—

**रयणत्तयसंजुत्तो, जीवो वि हवेइ उत्तमं तित्थं ।**
**संसारं तरइ जदो रयणत्तयदिव्वणावाए ॥१९१॥**

અર્થ :—જ્યારે આ જીવ, રત્નત્રયરૂપ દિવ્ય નાવ વડે, સંસારથી તરે છે–પાર પામે છે ત્યારે આ જીવ જ રત્નત્રયથી યુક્ત થતો થકો ઉત્તમ તીર્થ છે.

ભાવાર્થ :—જે તરે તે તીર્થ વા જેનાથી તરીએ તે તીર્થ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયનાવ (નૌકા) વડે આ જીવ તરે છે તથા અન્યને તરવા માટે નિમિત્ત થાય છે, તેથી આ જીવ જ તીર્થ છે.

હવે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય જ સંસાર પાર કરવા માટે દિવ્ય નાવ છે—એમ કહે છે.

જુઓ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષની નાવ છે; તેના સિવાય પુણ્ય-પરિણામ, મોક્ષનું કારણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મોક્ષ થાય છે, માટે જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત છે તે જીવ જ તીર્થ છે. બહારમાં સમ્મેદશિખર આદિને તીર્થ કહેવું તો વ્યવહારનયથી છે. જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયતીર્થ પ્રગટ થયું છે—એવા જ્ઞાની અને મુનિઓને પણ બાહ્યમાં તીર્થયાત્રા આદિના શુભભાવ આવે છે. અહો ! અનંત તીર્થંકર અહીંથી મોક્ષ પધાર્યા છે, અનંત સંતોએ અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. આ પ્રકારે તે સંતોના સ્મરણપૂર્વક તીર્થયાત્રાના ભાવ આવે છે, તે શુભભાવ છે, પુણ્ય છે અને અંદર એટલે કે પરિણતિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે નિશ્ચયતીર્થ છે, તે મોક્ષનું કારણ છે.

અહો ! રત્નત્રયરૂપ દિવ્ય નાવથી જીવ સંસારને તરી જાય છે; માટે જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે. જુઓ, જે જીવ આવા રત્નત્રયથી નિરપેક્ષ થઈને માત્ર ગુરુચરણની સેવા, વિનય આદિથી જ મોક્ષ માને છે, તે જીવોને વિનયમિથ્યાદૃષ્ટિ કહેવાય છે. જે અંદર રત્નત્રયને ઓળખતા નથી અને એકલા શુભરાગથી જ મોક્ષ માનીને ભક્તિ આદિ

**શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;**
**તે કારણ એ જીવ ખરે, પામે નહિ નિર્વાણ. ૫૩. –શ્રી યોગસાર**

કરે છે, તે મિથ્યાદષ્ટિ છે. સર્વજ્ઞ ભગવાને આત્માનો જેવો સ્વભાવ કહ્યો છે, તેવો પોતે શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તો પોતે સંસારથી તરે છે ત્યારે પોતાના માટે ભગવાન તારવાવાળા છે—એમ કહેવામાં આવે છે.

જેણે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યું નથી, તે બીજાને તારવામાં નિમિત્ત પણ થઈ શકતો નથી. જે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે, તે જીવ સંસારથી તરે છે, માટે તે જીવ ઉત્તમ તીર્થ છે.

આ સંસારમાં જીવ અનાદિથી મિથ્યાત્વાદિ દોષને કારણે પરિભ્રમણ કરી રહ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે રત્નત્રય છે તેના દ્વારા જીવ ભવથી પાર પામે છે, માટે રત્નત્રયસ્વરૂપ આત્મા જ ઉત્તમ તીર્થ છે. ધર્મીને ધ્રુવસ્વભાવના અવલંબનથી પર્યાયમાં રત્નત્રયની વૃદ્ધિ થતી જાય છે અને રાગાદિનો અભાવ થતો જાય છે. આ પ્રમાણે રત્નત્રયરૂપ દિવ્ય નૌકા દ્વારા જીવ સંસારથી પાર પામે છે, માટે રત્નત્રય જ ઉત્તમ તીર્થ છે.

આ સંસાર, જીવની પર્યાયમાં થવાવાળો ઔદયિકભાવ છે. ચિદાનંદ ધ્રુવસ્વભાવના અવલંબનમાં એકાગ્ર થવાથી રત્નત્રય પ્રગટ થઈને ઔદયિકભાવની ઉત્પત્તિ થતી નથી—એવા રત્નત્રયસંયુક્ત જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે. આ રત્નત્રયરૂપી તીર્થ વગર બીજા કોઈ તીર્થથી સંસારનો અંત આવતો નથી. જુઓ, દ્રવ્યસ્વભાવને લક્ષમાં રાખીને જ આ બાર ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રે આ કાર્તિકેયાનુપ્રેક્ષાને વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ કહ્યો છે. વૈરાગ્ય કોને કહે છે ? જેને વસ્તુનું ભાન છે, તે સ્વભાવ સામર્થ્યની પ્રતીતિ કરીને, તેમાં લીનતા કર્યા વગર પરથી સાચો વૈરાગ્ય થતો નથી. જીવનો સંસાર કાંઈ બાહ્યમાં નથી રહેતો પરંતુ જીવની પર્યાયમાં થવાવાળો વિકારભાવ જ સંસાર છે. આ સંસારને હકીકતમાં દુઃખદાયક કોણે માન્યો કહેવાય ? કે જેને આ સંસારના અભાવરૂપ એવા ત્રિકાળી સ્વભાવને પ્રતીતિમાં લીધો, તેને સંસારને દુઃખરૂપ માન્યો કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી સંસારથી તરી જવાય છે માટે તે રત્નત્રય જ તીર્થ છે અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા આત્મા તરે છે માટે આત્મા ઉત્તમ તીર્થ છે. વિકાર દ્વારા આત્મા તરતો નથી તથા શરીરાદિ પરદ્રવ્ય તો ભિન્ન છે, તેના આધારથી પણ તરતો નથી પણ રત્નત્રયરૂપ પરિણમિત થતો જીવ અન્ય પાત્રજીવોને તરવામાં

**મન-ઇન્દ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત?**
**રાગપ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪. –શ્રી યોગસાર**

નિમિત્ત થાય છે, માટે આ જીવ ઉત્તમ તીર્થ છે. એવા તીર્થના ભાનપૂર્વક સમ્મેદશિખર આદિ તીર્થોની યાત્રાના ભાવ આવે, તે નિમિત્તરૂપથી તીર્થ છે.

જ્યાં છ દ્રવ્ય રહે છે, તે લોક છે. તે લોકમાં રહેવાવાળા જીવતત્ત્વનું સ્વરૂપ કેવું છે ?—તેની આ વાત અહીં ચાલી રહી છે. જગતમાં જીવ જ ઉત્તમ તીર્થ છે, તેનો આશ્રય કરવાથી પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી નથી; માટે જીવને ઉત્તમ તીર્થ જાણીને તેનો આશ્રય કરવો તે જ ધર્મ છે.

હવે, અન્ય પ્રકારથી જીવના ભેદ કહે છે :—

**जीवा हवंति तिविहा, बहिरप्पा तह य अंतरप्पा य।**
**परमप्पा वि य दुविहा, अरहंता तह य सिद्धा य।।१९२।।**

અર્થ :—બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા—એવા ત્રણ પ્રકારના જીવો છે; વળી પરમાત્મા પણ અરહંત તથા સિદ્ધ એમ બે પ્રકારથી છે.

હવે, જીવના ત્રણ પ્રકારે ભેદ દર્શાવે છે.

સ્વભાવથી તો બધા જીવ, સમાન હોવા છતાં તેની પર્યાયમાં વિવિધતા અને ભેદ છે— એવો જ લોકનો સ્વભાવ છે. જગતમાં પરમાત્મા જ છે બીજું કાંઈ નથી—એવું કોઈ માને તો તે સત્ય નથી. લોકમાં જીવ, સાધક જ રહેવાના અને પૂર્ણ કદાપિ થશે નહીં—એવું પણ નથી અને જગતમાં એકલા બાધક જીવ જ રહેશે—એવું પણ કદાપિ હોતું નથી.

પૂર્ણતાને પ્રાપ્ત પરમાત્મા જગતમાં અનાદિ-અનંત છે, સાધક અંતરાત્મા જીવ પણ અનાદિથી જ છે અને બહિરાત્મા પણ અનાદિથી છે. જગતમાં કોઈ પહેલા અને પછી નથી. બધા સામાન્યરૂપથી અનાદિ અનંત છે. એક જીવની અપેક્ષાથી સંસારનો નાશ અને મોક્ષની શરૂઆત થઈ શકે છે પરંતુ જગતમાં મોક્ષની શરૂઆત નવી નથી થઈ. અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરવાવાળા જીવ છે અને સાધક જીવ અને પરમાત્મદશાને પ્રાપ્ત જીવો પણ અનાદિથી છે તેઓ નવા-નવા પણ થતા જાય છે.

પરમાત્મા બે પ્રકારે છે—સિદ્ધ અને અરિહંત. લોકમાં અનંત સિદ્ધ છે અને અરિહંત પણ લોકમાં હમેશા બિરાજમાન છે. લોકમાં કદાપિ અરિહંતનો વિરહ થતો નથી. અત્યારે ભરતક્ષેત્રમાં વિરહ છે પરંતુ આ લોકની ભાવના છે. લોકમાં તો તીર્થંકર ન હોય, એવું કદી પણ બનતું નથી. જુઓ, જગતમાં જે સત્‌પદાર્થ છે, તેને ધર્મી જીવ જ્ઞાનનું જ્ઞેય બનાવે છે. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે અને પદાર્થોનો જણાવવાનો સ્વભાવ છે. (ક્રમશઃ) ❊



## અનુભવપ્રકાશ ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

સ્વરૂપની વાર્તા પ્રીતિ કરી સાંભળે તેને ભાવી મુક્તિ કહી છે—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण-भाजनम् ।।
(પદ્મનંદી પંચવિંશતિકા)

જેણે વિકાર રહિત આત્માની પ્રતીતિ કરી ને પુણ્ય-પાપની પ્રીતિ છોડી છે તેણે શાસ્ત્ર સાંભળ્યું છે. સ્વરૂપની પ્રીતિ કરી સ્વરૂપની વાર્તા સાંભળે તે જીવ અલ્પકાળમાં મુક્તિ પામે, પણ અજ્ઞાની કહે છે મુક્તિ માટે બહારનાં કાંઈ સાધન નહીં હોય ? ના. જે શુભરાગ આવે છે તે બધા વિકલ્પો છે, તે સાધન નથી. અનંતા સિદ્ધો સ્વરૂપને સાધી સિદ્ધ થયા છે. આત્મામાં ચિદાનંદ સિવાય વિકાર આદિ કાંઈ પણ નથી. જ્ઞાયક અનાકુળ આત્માની વાર્તા પ્રીતિ કરી, સ્વસન્મુખ રહી સાંભળે તે જીવ મુક્તિનું ભાજન અવશ્ય થાય છે.

અહો ! આત્મા પરિપૂર્ણ જાણનાર સ્વભાવી છે. રાગ તથા શરીરાદિને ભિન્નપણે જાણે છે. પૂર્ણ જ્ઞાનપ્રકાશથી ભરેલો ચૈતન્ય પોતે છે, તેવી પ્રીતિ અથવા રુચિ કરી તેની લીનતા કરે તે જીવ કેવળજ્ઞાન પામશે. અનંતવાર મિથ્યાદૃષ્ટિ જીવ નવમી ગ્રૈવેયકે ગયો પણ સ્વરૂપની રુચિ કરી નહીં. અજ્ઞાનીને વ્યવહારમાં મજા આવે છે પણ વસ્તુ તો જ્ઞાનગોળો છે, તેના સ્વરૂપનું માહાત્મ્ય તેને આવતું નથી. એક સમયના સંસારની પ્રીતિ છોડી સ્વભાવની પ્રીતિ કરે તો સંસારનો અભાવ થાય છે. છાણાને ચિનગારી લાગતાં રાખ થઈ જાય છે, તેમ અંતર શાંતિનું કારણ આત્મા છે. એમ પ્રતીતિ કરીને લીનતા કરે તો સંસારની રાખ થઈ જાય છે.

सुदपरिचिदाणुभूदा तव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुदलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।　　(સમયસાર ગાથા-૪)

બંધકથા જીવોએ સાંભળી છે. ઈચ્છા કરું, દયા કરું તો ધર્મ થાય—વગેરે વાત ઘણીવાર સાંભળી છે. જીવોએ કામ, ભોગ, દયા-દાન વગેરેની વાતો સાંભળી છે. પણ

> **જીવ-પુદ્ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;**
> **તજ પુદ્ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર.　૫૫.　　–શ્રી યોગસાર**

રાગથી જુદા ને જ્ઞાયકથી એકરૂપ એવા આત્માની વાત સુલભ નથી ને જો આત્માની વાત પ્રીતિથી સાંભળે તો મુક્તિ થાય. આ સમયસારમાંથી લીધેલ છે. સમયસારમાં બધાં શાસ્ત્રોના બીજ છે, પણ અજ્ઞાની લોકો વ્યવહારની પકડ રાખે છે. અંતરમાં શક્તિ ન હોય તો પરમાત્મદશા પ્રગટ ક્યાંથી થશે ? દેહ-મન-વાણી ને વિકલ્પમાંથી પ્રગટ થશે ? ના. પરથી જુદી ને સ્વથી એકત્વ એવી નિજશક્તિમાંથી જ્ઞાન પ્રગટે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની તથા વ્યવહારની પ્રીતિ અનંતવાર કરી પણ સ્વરૂપની રુચિ કરી નહીં. જો સ્વરૂપની રુચિ કરે તો દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિને વ્યવહાર કહેવાય.

શુદ્ધ સ્વભાવ નિશ્ચયનયનો વિષય છે. સ્વાશ્રયે પ્રગટતો વીતરાગભાવ કે જે સ્વથી અભેદ છે તે નિશ્ચયનયનો વિષય છે. અને વ્યવહારરત્નત્રય આદિ પરાશ્રયરૂપ રાગપરિણામ વ્યવહારનયનો વિષય છે. બન્ને નયોના વિષયને વિરોધ છે. વ્યવહારથી સંસાર છે ને નિશ્ચયથી મોક્ષ છે. નિશ્ચયથી મુક્તિ થાય ને રાગથી પણ મુક્તિ થાય એમ બે વાત ન હોય. વ્યવહાર છે ખરો, તેનું જ્ઞાન કરવા જેવું છે, એમ કહી સ્યાદ્વાદ વિરોધને મટાડે છે. અધૂરીદશામાં શ્રવણ આદિનો શુભરાગ હોય છે. પણ જે ભાવથી મુક્તિ થાય તેનાથી શુભભાવ વિરોધભાવ છે, છતાં તેને સાધન માનવું તે સંસાર છે.

આ માર્ગ સહેલો છે પણ અજ્ઞાનીએ મોંઘો કરી મૂક્યો છે. વળી પ્રીતિ કરી વારંવાર સાંભળે છે—એમ કહ્યું છે તેનો અર્થ એમ છે કે તેને સ્વભાવ રુચે છે. જ્ઞાયકની વાત સાંભળે છે, રાગ બંધનું કારણ છે એમ વારંવાર સાંભળે છે. પુણ્ય-પાપને વ્યવહાર ઉપર ગમે તેટલા નિષેધના કોરડા પડે તોપણ સાંભળે ને આત્મસ્વભાવની વાત સાંભળે, તેને આત્માની રુચિ છે.

અધૂરી દશામાં શુભરાગ આવે છે. ઈન્દ્રો પણ ભગવાન પાસે ભક્તિ વખતે નાચે પણ તે શુભરાગ પરલક્ષી ચીજ છે, અંતરની ચીજ નથી. જ્ઞાની તથા અજ્ઞાની બન્નેને રાગના કાળે રાગ થાય છે પણ તેનું લક્ષ કઈ બાજુ છે તે ઉપર આધાર છે.

જ્ઞાન ને આનંદ મારું સ્વરૂપ છે—તેવી વાર્તા કરે તો અનુપમ સુખ થાય ને અનુભવ કરે તેના મહિમાને કોણ કહી શકે ? ભગવાનની વાણીમાં વાણી આવે, વાણીમાં પરમાત્માનો અનુભવ આવતો નથી. વાણીને વાણીની ખબર નથી, તથા પરમાત્માની ખબર નથી. વાણી વાણીની વાર્તા કરે ને વાણી પરમાત્માની વાર્તા કરે. વાણીમાં

**સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;**
**છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬.** **–શ્રી યોગસાર**

પરમાત્માને કહેવાનો ગુણ છે, પણ પરમાત્માને જાણવાનો ગુણ નથી. પરમાત્માની વાર્તા કહેવાનો ગુણ આત્મામાં નથી. આત્મામાં જાણવાની તાકાત છે, તે પોતાને જાણે ને વાણીને જાણે પણ આત્માની વાર્તા કહેવાનો ગુણ એટલે વાણીનો ગુણ આત્મામાં નથી– આમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

મારી નાત ચૈતન્યની છે–વાણી સાંભળીને જે આવો ભાવ કાઢે તે જીવ આત્માનો અનુભવ કરી પરમાત્મા થાય. વાણી જડ છે, તેને તો ખબર પણ નથી કે આત્મા અબંધ છે. પણ આત્માને બધી ખબર પડે. જે વિકાર થાય છે તે મારી જાત નથી, હું ચૈતન્યસ્વરૂપી છું, એમ પોતાની પ્રતીતિ કરી, અનુભવ કરી પરમાનંદ દશા પામ્યો. જેવું દ્રવ્ય શક્તિરૂપે પૂર્ણ હતું તેવી પર્યાય પૂર્ણ થઈ ગઈ, તેની શી વાત કરવી ? તેનો મહિમા કોણ કરી શકે ?

હું જ્ઞાનાનંદ છું એવો નિશ્ચય કરીને ઠીક ભાવના કરે તેટલું સ્વ-સંવેદન થાય. નિશ્ચય એટલે શ્રદ્ધા, ભાવના એટલે સ્થિરતા, સ્વ-સંવેદનજ્ઞાન તે જ્ઞાન. આમ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર–ત્રણેની સિદ્ધિ થાય છે. ત્રણેની એકતા થઈ તે આત્માની મુક્તિ થાય છે. પ્રથમ વિધિ જાણવી જોઈએ. બારોટ બાપદાદાની વાતો કરે ને ગુણગ્રામ ગાય તો જીવ ખુશી ખુશી થઈ જાય. અહીં સર્વજ્ઞ ભગવાન ત્રણકાળની વાત કરે છે ને તારા આત્માનાં ગાણાં ગાય છે, પણ અજ્ઞાનીને સમજણ કરવાની વાત બેસતી નથી.

(ક્રમશઃ) ❋

---

પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી–જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી આદિને જગત પાપ માને છે પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભરાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમકે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તેને પણ પાપ કહે છે, કેમકે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તે પણ પાપ છે. શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે કે પુણ્ય-પાપમાં જે ભેદ માને છે–તફાવત માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા! આવી વાતો તો જેને અંતરમાં ભવનો ભય લાગ્યો હોય ને ભયથી છૂટવું હોય એને બેસે એવી છે.

–પૂજ્ય ગુરુદેવશ્રી

**રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પથ્થર ને હેમ;**
**સ્ફટિક રજત ને અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭. –શ્રી યોગસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## (૬) મિથ્યાત્વ

મિથ્યાત્વનો અર્થ ખોટી અગર વિપરીત માન્યતા એમ કર્યો હતો. પરમાં શું મિથ્યાપણું છે તે જોવાનું નથી પણ પોતાના આત્મામાં ખોટાપણું શું છે તે સમજીને તે ખોટાપણું ટાળવા માટેની વાત છે. કેમકે જીવને પોતાનું ખોટાપણું ટાળીને પોતામાં ધર્મ કરવો છે. મિથ્યાત્વ તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે ? તેના જવાબમાં મિથ્યાત્વ તે શ્રદ્ધાગુણની એક સમય પૂરતી ઊંધી પર્યાય છે એમ નક્કી કર્યું છે. મિથ્યાત્વ તે અનંત સંસારનું કારણ છે. આ મિથ્યાત્વ એટલે કે સૌથી મોટામાં મોટી ભૂલ જીવ પોતે જ અનાદિથી કરતો આવે છે.

## (૭) મહાપાપ

આ મિથ્યાત્વને લીધે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ જીવ માનતો નથી પણ ઊંધું જ માને છે. તેથી મિથ્યાત્વ એ જ ખરેખર અસત્ય છે. આ મહાન અસત્યનું સેવન કર્યા કરવું તેમાં ક્ષણે ક્ષણે સ્વહિંસાનું મહાપાપ છે.

પ્રશ્ન :—ઊંધી માન્યતા કરી તેમાં ક્યા જીવને મારવાની હિંસાનું પાપ લાગ્યું ?

ઉત્તર :—પોતાના સ્વાધીન ચૈતન્ય આત્માને જેમ છે તેમ ન કબૂલ્યો પણ જડ શરીરનું કરનારો માન્યો (એટલે કે જડરૂપે માન્યો) તે માન્યતામાં આત્માના અનંત ગુણોનો અનાદર છે ને તે જ સ્વજીવની અનંતી હિંસા છે. સ્વહિંસા તે જ સૌથી મોટું પાપ છે, તેને ભાવહિંસા અથવા ભાવમરણ પણ કહેવાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે, ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો ?'' ત્યાં મિથ્યાત્વને જ ભાવમરણ કહ્યું છે.

## (૮) અગૃહીત મિથ્યાત્વ

(૧) આ શરીર જડ છે, તે પોતાનું નથી. તે જાણવા-દેખવાનું કાંઈ કામ કરતું નથી. છતાં તેને પોતાનું માનવું અને તે સરખું હોય તો મને સુખ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે.

(૨) શરીરને પોતાનું માનવાથી વર્તમાન જે દેહરૂપે શરીરનો જન્મ થયો ત્યારથી

**દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;**
**તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮. –શ્રી યોગસાર**

લઈને મરણ સુધીની જ પોતાના આત્માની હયાતી માનવી અર્થાત્ શરીરનો સંયોગ થતાં આત્માની ઉત્પત્તિ અને શરીરનો વિયોગ થતાં આત્માનો નાશ માનવો તે મિથ્યાત્વ છે.

(૩) શરીરને પોતાનું માનવાથી બહારની જે ચીજ શરીરને સગવડતારૂપ છે એમ લાગે તે ચીજથી પોતાને લાભ માને, અને બહારની સગવડરૂપ માનેલી વસ્તુનો સંયોગ પુણ્યના નિમિત્તથી થાય છે, તેથી પુણ્યથી લાભ થાય છે એમ માને, તે મિથ્યાત્વ છે. જેણે પુણ્યથી લાભ માન્યો તેની દૃષ્ટિ દેહ ઉપર છે પણ આત્મા ઉપર નથી.

## (૯) ગૃહીત મિથ્યાત્વ

ઉપર કહ્યા તે ત્રણે પ્રકાર અગૃહીત મિથ્યાત્વના છે. આ અગૃહીત મિથ્યાત્વ જીવને મૂળ નિગોદસ્થાનથી જ (એકેન્દ્રિયપણાથી અનાદિનું) ચાલ્યું આવે છે. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો જીવને હિતાહિતનો વિચાર કરવાની શક્તિ જ હોતી નથી. સંજ્ઞીપણામાં મંદ કષાયથી જ્ઞાનના ઉઘાડ વડે કંઈક હિતાહિતનો વિચાર કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે ત્યાં પણ આત્માના હિત-અહિતનો સાચો વિવેક કરવાને બદલે અનાદિની ઊંધી માન્યતાનો ભાવ ચાલુ જ રાખીને બીજી અનેક પ્રકારની નવી ઊંધી માન્યતા ગ્રહણ કરે છે. પોતાની વિચારશક્તિના દુરુપયોગથી તીવ્ર ઊંધી માન્યતાવાળા જીવોના સંગમાં આવી અનેક પ્રકારની ઊંધી નવી માન્યતાઓ પકડે છે. આ રીતે વિચારશક્તિ ખીલ્યા પછી જે નવી ઊંધી માન્યતા ગ્રહણ કરવામાં આવે તેને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે. તેના મુખ્ય ત્રણ પ્રકાર છે. દેવસંબંધી મૂઢતા, ગુરુસંબંધી મૂઢતા અને ધર્મસંબંધી મૂઢતા અથવા લોકમૂઢતા.

દેવમૂઢતા—અજ્ઞાની-રાગી-દ્વેષીને દેવ તરીકે માને, લોકનો મોટો માણસ અમુક કુદેવને માનતો હોય તેથી પોતે પણ તે કુદેવને માને અને તેનાથી કલ્યાણ માનીને તેની પૂજા-વંદનાદિ કરે, તથા બીજા લૌકિક બહાને અનેક પ્રકારના કુદેવને માને તે દેવમૂઢતા છે. અથવા સાચા સર્વજ્ઞદેવને માનતો હોય પણ તેમના સ્વરૂપનો નિર્ણય ન કરે તો તે પણ દેવમૂઢતા છે.

ગુરુમૂઢતા—જે કુટુંબમાં પોતે જન્મ્યો તે કુટુંબમાં મનાતા કુળગુરુને સમજ્યા વગર માનવા, અજ્ઞાનીને ગુરુ તરીકે માનવા, અથવા ગુરુના સ્વરૂપને સગ્રંથ માનવું તે ગુરુસંબંધી મહાન ભૂલ (ગુરુમૂઢતા) છે.

**જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;**
**જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯. –શ્રી યોગસાર**

ધર્મમૂઢતા (લોકમૂઢતા)—હિંસા ભાવમાં ધર્મ માનવો તે ધર્મમૂઢતા છે. ખરી રીતે જેમ પાપમાં આત્માની હિંસા છે તેમ પુણ્યમાં પણ આત્માની હિંસા થાય છે, તેથી પુણ્યમાં ધર્મ માનવો તે ધર્મમૂઢતા છે. વળી ધર્મ માનીને નદી વગેરેમાં સ્નાન કરવું, પશુહિંસામાં ધર્મ માનવો, તે બધી ધર્મ સંબંધી ભૂલ છે, તેને લોકમૂઢતા કહેવાય છે.

### (૧૦) ગૃહીત મિથ્યાત્વ તો છોડ્યું પણ .....

આ ત્રણ પ્રકારની મોટી ભૂલ જીવને મહા નુકશાનનું કારણ છે. પોતે જે કુળમાં જન્મ્યો તે કુળમાં મનાતા દેવ-ગુરુ-ધર્મ કદાચ સાચા હોય અને પોતે પણ તેને જ માનતો હોય તો પણ જ્યાં સુધી પોતે જાતે પરીક્ષા કરીને સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ નક્કી ન કરે ત્યાં સુધી ગૃહીત મિથ્યાત્વ છૂટતું નથી. ગૃહીત મિથ્યાત્વ છોડ્યા વગર જીવને ધર્મ સમજવાની લાયકાત પણ થતી નથી.

પ્રશ્ન :—આ બે પ્રકારના મિથ્યાત્વમાંથી પહેલા કયું મિથ્યાત્વ ટળે ?

ઉત્તર :—પ્રથમ ગૃહીત મિથ્યાત્વ ટળે છે. ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વગર કોઈ જીવને અગૃહીત મિથ્યાત્વ ટળે જ નહીં. કોઈ તીવ્ર પુરુષાર્થવાળા જીવને આ બંને મિથ્યાત્વ એક સાથે પણ ટળી જાય છે.

જે અગૃહીત મિથ્યાત્વ ટાળે તેને ગૃહીત મિથ્યાત્વ તો ટળી જ જાય, પરંતુ ગૃહીત મિથ્યાત્વ ટળવા છતાં ઘણાં જીવોને અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર અને લૌકિક મૂઢતાની માન્યતાનો ત્યાગ કરીને અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને વ્યવહારું સ્થૂળ ભૂલનો (ગૃહીત મિથ્યાત્વનો) ત્યાગ તો જીવે ઘણીવાર કર્યો છે, અસત્ નિમિત્તોનું લક્ષ છોડીને સત્ નિમિત્તના લક્ષે વ્યવહારશુદ્ધિ કરી પરંતુ અનાદિથી ચાલી આવેલી પોતાના આત્મા સંબંધીની મહાન ભૂલ જીવે કદી ટાળી નથી. અનાદિનું અગૃહીત મિથ્યાત્વ આત્માની સાચી સમજણ વગર ટળી શકે નહીં.

ગૃહીત મિથ્યાત્વ છોડી, દ્રવ્યલિંગી સાધુ થઈને જીવે પાંચ મહાવ્રત નિર્દોષપણે અનંતવાર પાળ્યાં, પણ તે મહાવ્રતની ક્રિયાથી અને રાગથી ધર્મ માની લીધો તેથી આત્મા સંબંધી મહાન ભૂલ ટળી નહીં અને સંસારમાં જ રખડ્યો.

સાચા નિમિત્તોના સ્વીકાર વડે વ્યવહારનું જૂઠાપણું (ગૃહીત મિથ્યાત્વ) ટાળ્યું, પણ પોતાના નિરાલંબી ચૈતન્યસ્વરૂપ આત્માનો સ્વીકાર કર્યા વગર નિશ્ચયનું જૂઠાપણું

> **ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;**
> **શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦. –શ્રી યોગસાર**

(અગૃહીત મિથ્યાત્વ) ટળ્યું નહીં. પોતાના સ્વરૂપની ખબર નહીં હોવાથી અજ્ઞાનપણે નિમિત્તના લક્ષ વડે શુભરાગથી અને દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ માને છે—આ પરાશ્રિતપણાનો અનાદિનો ભ્રમ મૂળમાંથી ટાળ્યા વગર સૂક્ષ્મ ભૂલરૂપ અગૃહીત મિથ્યાત્વ ટળ્યું નહીં. આત્માના ભાન વગર થોડા વખત માટે ગૃહીત મિથ્યાત્વ ટાળીને શુભરાગ વડે સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક સુધી જીવ ગયો, પણ મૂળ ઊંધી માન્યતાનો સદ્ભાવ હોવાથી રાગથી લાભ માનીને અને દેવપદમાં સુખ માનીને ત્યાંથી રખડતો રખડતો તીવ્ર અજ્ઞાનપણાને લીધે એકેન્દ્રિય-નિગોદના તુચ્છપણામાં અનંતકાળ સુધી અનંત દુ:ખ પામ્યો. પોતાનું સ્વરૂપ સમજવાની દરકાર નહીં કરવાથી અને સમ્યગ્જ્ઞાનનો તીવ્ર વિરોધ કરવાથી નિગોદદશા થાય છે કે જ્યાં તે જીવના અસ્તિત્વને બીજા (સ્થૂળ જ્ઞાનવાળા) જીવો પણ ન સ્વીકારે. નિગોદદશામાં કોઈવાર કષાયની મંદતા કરીને ત્યાંથી જીવ મનુષ્ય થયો અને કદાચિત્ ધર્મની જિજ્ઞાસા વડે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખી વ્યવહાર મિથ્યાત્વ ટાળ્યું, પણ આત્મસ્વરૂપને ઓળખ્યા વગર અનંતાનંત કાળથી જીવ ચારે ગતિમાં દુ:ખી થયા કરે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને જો પોતાના આત્માના સ્વરૂપનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરે અને સત્સ્વરૂપનો નિર્ણય પોતે કરે તો જ જીવની મહાભયંકર ભૂલ ટળે, સુખ થાય અને જન્મમરણનો અંત આવે ?

(ક્રમશ:) ❋

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

મુમુક્ષુ:—મારા પ્રમાદથી આ પ્રમાણે થયું છે અને હું પુરુષાર્થ કરી શકતો નથી એમ સ્વીકારવાથી તો આકુળતા વધી જાય એમ ન બને?

બહેનશ્રી:—તે બધું આત્માર્થીએ જોવાનું છે. જો આકુળતા વધી જાય અને વધારે મૂંઝવણ થઈ જાય તો પણ માર્ગ મળતો નથી. માર્ગમાં શાંતિથી, ધીરજથી આગળ જવાય છે. મને પ્રમાદ છે, કે શાંતિ છે, કે ધીરજ છે, કે શું છે તે બધું પોતે વિચારવાનું છે. મૂંઝવણથી માર્ગ મળતો નથી. માટે શાંતિથી અને ધીરજથી પોતે માર્ગ કાઢે. પોતાની યોગ્યતા કેવી છે તે સમજીને આગળ જવું. પુરુષાર્થ ન ઊપડતો હોય ને ક્યાંક–ક્યાંક રોકાતો હોય તો પુરુષાર્થ કરે અને જો મૂંઝવણ થઈ જતી હોય તો શાંતિ રાખવી, ધીરજ રાખવી.

**તનવિરહિત ચૈતન્યતન, પુદ્ગલ-તન જડ જાણ;**
**મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧. –શ્રી યોગસાર**

# હું સિદ્ધનો સાધર્મી... સિદ્ધનો પરમ મિત્ર

સિદ્ધ ભગવંતો ને સંતો કહે છે કે હે જીવ ! તું અમારો મિત્ર થા... આપણે ચેતનસ્વભાવે એક જાતના છીએ....રાગની જાત તે આપણી જાત નથી. માટે તું રાગની મિત્રતા છોડ ને અમારી મિત્રતા કર... શુદ્ધતાને પામેલા શુદ્ધાત્માની મિત્રતા કરતાં તું પણ એના જેવો શુદ્ધ થઈશ.

અહા, સિદ્ધ ભગવંતો અને સંતો 'મિત્ર' કહીને બોલાવે, તો એવી સિદ્ધોની મિત્રતા કોને ન ગમે ! સંતોની મિત્રતા કોને ન ગમે !

સિદ્ધ ભગવાન કહે છે કે હે મિત્ર ! તું અમારો સાધર્મી છો....આપણે બંને સાધર્મી છીએ (સર્વ જીવ છે સિદ્ધસમ....) રાગની સાથે તારે સાધર્મીપણું નથી. એ તો તારાથી વિધર્મી છે. ને અમે (સિદ્ધો તથા સંતો) તારા સાધર્મી છીએ... અમે તારા મિત્ર છીએ. મિત્રતા સરખેસરખાની શોભે.

વાહ ! હે સિદ્ધભગવંતો ! હે સંતો ! આપના જેવા ઉત્તમ સાધર્મી ને મિત્ર પામીને હું ન્યાલ થયો...પ્રસન્ન થયો. પ્રભો ! આપે મને સાધર્મી અને મિત્ર કહીને બોલાવ્યો.... તો હું પણ આપનો સાધર્મી થઈ—આપના જેવો થઈને આપની પાસે આવી રહ્યો છું.

(મિત્ર હો તો આવા હો...... સાચું સગપણ આ સાધર્મીનું.)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—જ્ઞાનીઓ જો પર પદાર્થને પોતાના ન માનતા હોય તો 'આ મારી ચોપડી, આ મારી વસ્તુ' એમ કેમ બોલે છે?

ઉત્તર :—અરે ભાઈ! ભાષામાં એમ બોલાય છતાં અંતરમાં પરને પોતાનું માનતા નથી; તે કપટ નથી. બોલવાની ક્રિયા જ આત્માની નથી, તે તો જડ છે, તે વખતે જ્ઞાનીનો અંતર અભિપ્રાય શું છે તે સમજવું જોઈએ.

પ્રશ્ન :—ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?

ઉત્તર :—એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે. જુઓ! સમ્યગ્દૃષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળના દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરી ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે.

પ્રશ્ન :—પૂજા-ભક્તિ-આદિ શુભરાગમાં ધર્મ નથી તો શ્રાવકને માટે ધર્મ શું છે?

ઉત્તર :—દેહ-મન-વાણી-રાગથી ભિન્ન આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા, આત્માનો અનુભવ કરવો એ શ્રાવકનો ધર્મ છે.

પ્રશ્ન :—તો શ્રાવકે પૂજા-ભક્તિ આદિ ન કરવા ને?

ઉત્તર :—શ્રાવકને પૂજા-ભક્તિ આદિનો શુભરાગ આવે છે, હોય છે, આવ્યા વિના રહેતો નથી, પણ તે ધર્મ નથી, શુભરાગ છે, એનાથી ભિન્ન આત્માનો અનુભવ કરવો તે જ ધર્મ છે.

પ્રશ્ન :—નિશ્ચય સાથેનો ઉચિત્ત રાગ હોય તેને ક્રોધ કહેવાય?

ઉત્તર :—નહિ, અહીં સમયસાર ગાથા ૬૯-૭૦-૭૧માં જેને આત્મસ્વભાવની

**નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય ?**
**પ્રગટે કેવળજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨. –શ્રી યોગસાર**

રુચિ નથી, અનાદર છે તેના રાગભાવને ક્રોધ કહ્યો છે એટલે કે મિથ્યાત્વ સહિતના રાગાદિ ભાવને ક્રોધ કહ્યો છે. જ્ઞાનીના અસ્થિરતાના રાગનું તો જ્ઞાનીને જ્ઞાન થાય છે. જ્ઞાનના પરિણમનવાળા જ્ઞાનીને આનંદરૂપ પડતો આત્મા રુચે છે, આત્મા માલૂમ પડે છે. તેથી તેને રાગની રુચિરૂપ ક્રોધ હોતો જ નથી. તેથી ક્રોધ માલૂમ પડતો નથી. અજ્ઞાનીને દુઃખરૂપ ભાવ—રાગભાવ રુચે છે, આનંદરૂપ ભાવ રુચતો નથી. તેથી તેને ક્રોધાદિ જ માલૂમ પડે છે, આત્મા માલૂમ પડતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે તેની રુચિ નથી ને પુણ્યના પરિણામની રુચિ છે, તેને આત્માનો અનાદર છે, તેથી તેને સ્વરૂપ પ્રત્યે ક્રોધી કહે છે.

પ્રશ્ન :—જ્ઞાનીની પરીક્ષા અજ્ઞાની જીવ કઈ વિધિથી કરે છે? તે અજ્ઞાની કેટલા પ્રકારના છે? તથા જ્ઞાનીની પરીક્ષાની સાચી વિધિ કઈ છે?

ઉત્તર :—જ્ઞાનીની પરીક્ષા કરવાની ને ઓળખાણ કરવાની રીત પણ જગતના જીવોને આવડતી નથી, એટલે પોતાની કલ્પના અનુસાર માપ કાઢે છે. પહેલા નંબરના અજ્ઞાની એવા છે કે માત્ર બહારના વેષથી પરીક્ષા કરે છે. બીજા નંબરના અજ્ઞાની એવા છે કે બહારની ક્રિયા દેખીને પરીક્ષા કરે છે. ત્રીજા નંબરના અજ્ઞાની એવા છે કે કષાયની મંદતા ઉપરથી માપ કાઢે છે. પણ તે કોઈ જ્ઞાનીને ઓળખવાની ખરી રીત નથી. જે સાચો જિજ્ઞાસુ છે તે તો અંતરની તત્ત્વદૃષ્ટિથી પરીક્ષા કરે છે કે સામા જીવને શ્રદ્ધા-જ્ઞાન કેવાં છે? તેને સ્વાશ્રય ચૈતન્યભગવાનની શ્રદ્ધા છે કે નહીં? રાગથી ભિન્ન ચૈત્યસ્વભાવની પ્રતીત છે કે નહીં? રાગ થાય તેનાથી લાભ માને છે કે તેનાથી જુદો રહે છે?—એની રુચિનું જોર કઈ તરફ કામ કરે છે? એના વેદનમાં શેની મુખ્યતા છે? આ રીતે અંતરના શ્રદ્ધા-જ્ઞાન ઉપરથી ધર્માત્માને જે જીવ ઓળખે છે તે સુપાત્ર છે.

પ્રશ્ન :—તત્ત્વચર્ચા—સ્વાધ્યાયમાં રહેનાર સર્વાર્થસિદ્ધિના દેવો કરતાં પાંચમાં ગુણસ્થાનવાળા પશુને શાંતિ વિશેષ હોય?

ઉત્તર :—પાંચમાંવાળા પશુને બે કષાયનો અભાવ હોવાથી ચોથાવાળા દેવો કરતાં શાંતિ વિશેષ હોય છે. ચોથાવાળા દેવ શુભમાં હોય છતાં શાંતિ ઓછી છે અને પાંચમાવાળા પશુ કે મનુષ્ય અશુભમાં હોય છતાં તેને શાંતિ વિશેષ છે.

**જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;**
**કેવળજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩. —શ્રી યોગસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—શું જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે અને અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય છે?

સમાધાન :—જ્ઞાનીની દૃષ્ટિ બદલાઈ ગઈ છે એટલે તેના બધા ભાવો જ્ઞાનમય છે. જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ આખી ઊંધી છે તેથી તેના જેટલા ભાવો થાય છે તે બધા અજ્ઞાનમય છે. અજ્ઞાનીના શુભભાવમાં પણ અંદરમાં ભ્રાન્તિ ભેગી હોય છે. (આ પણ વિભાવ છે એમ) સમજતો નથી એટલે એકત્વબુદ્ધિ કરતો જાય છે. (અને તે કારણે) જે નથી સમજતો તેના બધા ભાવો અજ્ઞાનમય છે. જ્યારે યથાર્થપણે દૃષ્ટિ બદલાઈ જાય—ભેદજ્ઞાન થાય—ત્યારે જ જ્ઞાનમય ભાવો કહેવાય છે. ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકામાં પણ જ્ઞાનમય ભાવ કહી શકાતા નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે. જિજ્ઞાસુને રસ મંદ પડ્યો છે, પણ બધા જ્ઞાનમય ભાવ ક્યારે થાય? કે જ્યારે ભેદજ્ઞાનની જ્ઞાતાપણાની ધારા થાય ત્યારે બધા ભાવો જ્ઞાનમય થાય. ત્યાં સુધી બધા ભાવો, એકત્વબુદ્ધિરૂપ છે માટે, અજ્ઞાનમય કહેવામાં આવે છે. જિજ્ઞાસુ છૂટવાની ભાવના કરે છે, પણ હજી એકત્વ પરિણતિ થઈ રહી છે,—એકત્વબુદ્ધિ છે અને દિશા પલટાણી નથી. જો દૃષ્ટિનો એક ઘડો સવળો થાય તો બધા (ભાવના) ઘડા સવળા થાય. એક દૃષ્ટિનો ઘડો ઊંધો થતાં બધા ઘડા ઊંધા થાય છે.

પ્રશ્ન :—નિયમસારના પરમાર્થ પ્રતિક્રમણ અધિકારની પહેલી પાંચ ગાથામાં પ્રથમ કહ્યું કે નારક નહિ, તિર્યંચ નહિ, પછી કહ્યું કે ભેદજ્ઞાનના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત્ર બને. તો શું સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાન ભાવવાનું?

સમાધાન :—હા, સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાન ભાવવું. ભેદજ્ઞાનના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત્ર બને. ભેદજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે, ચારિત્ર પણ તેમાં થાય છે અને કેવળજ્ઞાન પણ તેમાં થાય છે—બધું તેમાં થાય છે. પ્રથમ ભેદજ્ઞાનના બળથી સમ્યગ્દર્શન અને પછી તેના જ બળમાં ચારિત્ર થાય છે. આમ બધે ભેદજ્ઞાન જ

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોકપ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪. –શ્રી યોગસાર

છે. પહેલેથી ઠેઠ સુધી ભેદજ્ઞાન સિવાય બીજો કોઈ માર્ગ નથી. માર્ગ તો સીધો અને સરળ છે; પણ અનાદિના અભ્યાસને લઈને તે મોંઘો થઈ પડ્યો છે. માર્ગ કાંઈ આડો-અવળો નથી, બહારમાં આટલાં કાર્યો કરવા એવું તેમાં નથી, બધું અંતરમાં કરવાનું છે. પહેલેથી છેલ્લે સુધી એક જ માર્ગ છે. ભેદજ્ઞાનના અભ્યાસથી સંવર, પ્રત્યાખ્યાનાદિ બધું પ્રગટ થાય છે. અનાદિથી એકત્વબુદ્ધિ છે એટલે તેને ભેદજ્ઞાન પ્રથમ સહજ થતું નથી, વિચાર આવીને છૂટી જાય છે. સહજ પરિણતિ નથી તેથી ભેદજ્ઞાનને ઉપયોગમાં લાવે ત્યાં ઉપયોગ છૂટી જાય છે. આ રીતે ઉપયોગ વારેવારે ફર્યા કરે છે ને તેને સ્થિરતા થતી નથી, શ્રદ્ધાનું બળ તેટલું ટકતું નથી. પરિણતિ સહજ થઈ નથી એટલે પ્રથમ ભૂમિકા તેને વિકટ લાગે છે.

પ્રશ્ન :—આત્માર્થી કે જેને ખરેખર આત્માર્થ પ્રગટ થયો છે તે 'મને ભવ નથી' તેમ નિઃશંકપણે નક્કી કરી શકે?

સમાધાન :—આત્માર્થી પોતે નક્કી કરી શકે. સમ્યગ્દર્શન થયા પહેલાં પણ પોતાને એવી જાતની હૂંફ આવે તો પોતે નક્કી કરી શકે છે. પોતાની ભાવના અને પોતાની આત્માર્થતા ઉપરથી એવો કોઈ પાત્ર જીવ હોય તો નક્કી કરી શકે છે.

પ્રશ્ન :—જ્ઞાની પરિણમનની અપેક્ષાએ વિકારનો કર્તા—ભોક્તા છે?

સમાધાન :—જ્ઞાની પરિણમનની અપેક્ષાએ કર્તા—ભોક્તા છે, પણ તેને સ્વામિ-ત્વબુદ્ધિ નથી. માટે કર્તા-ભોક્તા નથી એમ કહ્યું છે. છતાં અસ્થિરતામાં રાગાદિ છે.

પ્રશ્ન :—કોઈપણ પર્યાયની યોગ્યતા લેવામાં પ્રમાદ આવે એવું લાગે છે તો પુરુષાર્થની ખામી લેવી બરાબર છે?

સમાધાન :—(એકાંતે) યોગ્યતા લેવામાં પ્રમાદ આવી જાય છે. જે થવાનું હશે તે થશે, તેની એવી યોગ્યતા છે એમ બચાવ તરફનાં પડખાં લેતાં તો જીવને જરાય વાર લાગતી નથી. કાર્ય થાય નહિ તો બચાવનાં પડખાં એકદમ આવી જાય છે. પણ પુરુષાર્થ તરફ જાય તો તેને ખટક રહે કે મારે જ કરવાનું છે, મારા પ્રમાદના કારણે જ રોકાણો છું, પ્રમાદ છે માટે જ આગળ જવાતું નથી, એટલી લગની લાગી નથી માટે આગળ જવાતું નથી. શ્રીમદ્જીમાં આવે છે ને? જીવને અટકવાનાં ઘણાં સ્થાનો હોય છે, જીવ ગમે ત્યાં અટકી જાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;**
**શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫. –શ્રી યોગસાર**

## બાળ વિભાગ

# કલાકાર અંગારકની કથા

(જેણે પોતાના આત્મારૂપી આભૂષણમાં સમ્યક્ રત્નને જડીને સાચી કલા પ્રગટ કરી, જ્ઞાનકલા પ્રગટ કરી—એવા મહાન કલાકારની કથા)

કૌશાંબી નગરીમાં પ્રસિદ્ધ એક કલાકાર હતો, તેનું નામ અંગારક હતું, તે એક કુશળ કલાકાર હતો સાથે તે ધર્મપ્રેમી અને ઉદાર પણ હતો. કલાની સાથે તેના આ બંને ગુણોને કારણે તેની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લાગી ગયા હતા. તેનું મુખ્ય કાર્ય આભૂષણમાં કિમતી  હીરા, માણેક, મોતી જડવાનું હતું અને તે પોતાના કાર્યમાં અતિ કુશળ હતો. કિમતી રત્નોથી તો તે પોતાના જીવનને અનેકવાર અલંકૃત કરી ચૂક્યો હતો, પરંતુ રત્નત્રયરૂપી રત્નથી પોતાના આત્માને હજી સુધી અલંકૃત કર્યો નહોતો.

આજ કલાકારનું નિવાસસ્થાન પદ્મરાગમણિની રક્તપ્રભા (લાલ કિરણો)થી જગમગ-જગમગ થઈ રહ્યું હતું.  તે પદ્મમણિની સામે નજર લગાવીને તે વિચાર કરી રહ્યો હતો.

‘‘આ કિમતી મણિને આભૂષણમાં કેવી રીતે જડવું, કેમકે આ આ કોઈ સાધારણ મણિ નહોતો. આ તો કૌશામ્બીના મહારાજ ગંધર્વસેનના આભૂષણમાં જડવા માટે આવેલ મહામૂલ્યવાન પદ્મરાગમણિ છે. મારી કલા ઉપર વિશ્વાસ રાખીને મહારાજે આ કામ મને સોંપ્યું છે. તેથી આભૂષણમાં તે કેવી રીતે જડવો કે જેથી આભૂષણની શોભા એકદમ ખીલી ઊઠે.’’

આ વિચારથી કલાકાર તે પદ્મમણિને ક્ષણમાં આભૂષણના એક તરફ અને ક્ષણમાં બીજી બાજુ મૂકીને જોતો—આ પ્રમાણે ફેરવતા-ફેરવતા ઘણો સમય વીતાવતા તેને મનપસંદ સ્થાન ઉપર તે મણિ શોભાયમાન થઈ ગયો. ત્યારબાદ તેની શોભા જોઈને તેનું મન હર્ષથી ગદ્ગદ્ થઈ ગયું—

‘‘વાહ ! મારી કલાનો આ સર્વોત્તમ નમૂનો બનશે અને મહારાજ પણ તેને જોઈને અત્યંત પ્રસન્ન થશે.’’

આ પ્રમાણે સંતોષની શ્વાસ લઈને જ્યારે તેણે પોતાનું માથું ઉપર કર્યું તો જોયું કે તેના ઘરના આંગણામાં સામે એક નગ્ન દિગમ્બર મુનિરાજનું આગમન થઈ રહ્યું છે.

‘‘જાણે તેમની આંખોથી પરમ શાંતરસની વર્ષા થઈ રહી હતી....જાણે તેની

ભવ્યમુદ્રા પર વીતરાગતા છવાઈ ગઈ.... જાણે તેમના બધા પાપનો નાશ થઈ ગયો હોય ! અહો ! તેમના આત્માની પવિત્રતાની તો શું વાત કરવી ? અરે! તેમના ચરણોના સ્પર્શથી ધૂળ પણ એવી પવિત્ર થઈ ગઈ કે અસાધ્ય રોગને પણ દૂર કરી દે. તેમના દર્શનમાત્રથી માનવોના મન પવિત્ર થઈ જાય છે અને તેમના હૃદયના પાપ ધોવાઈ જાય છે. આ રત્નત્રય-ધારક યોગીરાજના આત્મતેજની સામે આ પદ્મરાગમણિનું તેજ પણ ફીક્કું લાગે છે.''

એવા ચારણઋદ્ધિધારી મહા મુનિરાજ ગોચરીવૃત્તિથી આહારદાન હેતુ ગમન કરી રહ્યા છે....તેમને જોઈને અંગારક તરત તેની નજીક ગયો અને તેના ચરણ-કમલપર નમી પડ્યો.... તથા સહજ જ તેના મુખથી ઉદ્‌ગાર નિકળવા લાગ્યા—

''અહા ! આજ મારા ભાગ્ય ખીલી ઉઠ્યા છે...આ જ હું કૃતાર્થ થઈ ગયો.... હે પ્રભુ ! હે મુનિરાજ ! આપના ચરણ-કમળની ધૂળથી આજ હું પાવન થઈ ગયો....મારું ઘર પવિત્ર થઈ ગયું... મારા ભવ-ભવના પાપ નાશ પામી ગયા. હે નાથ ! પધારો...પધારો..પધારો....''

આ પ્રમાણે મુનિરાજનું પડગાહન કરીને નવધાભક્તિપૂર્વક અંગારકે આહારદાન આપ્યું. આહારદાનના સમયે તે મુનિ-ભક્તિમાં એટલો તલ્લીન થઈ ગયો કે ઘરમાં આ વચમાં શું ઘટના ઘટી તેની કાંઈ ખબર ન પડી. આહાર પછી તે મહામુનિરાજ તો પાછા વનમાં ચાલ્યા ગયા અને આત્મધ્યાનમાં લીન થઈ ગયા. એવા મહાન પવિત્રાત્મા શુદ્ધોપયોગી, સાધુશિરોમણિને આહાર દેવાથી અંગારક કૃતાર્થ થઈ ગયો....તેનું ચિત્ત અતિ પ્રસન્ન હતું.

આહારદાન પછી તે કલાકાર આભૂષણમાં પદ્મરાગમણિનો જડવા માટે જ્યારે પાછો આવીને જુએ છે તો પદ્મરાગમણિ ગુમ ! નહીં...નહીં આ ન થઈ શકે. તેણે આખું ઘર જોઈ નાખ્યું, પરંતુ પદ્મરાગમણિ ન મળ્યો. હવે તેની આંખની સામે અંધારું છવાઈ ગયું. તેનું મગજ ચકરાવા માંડ્યું....અરે ! આટલી જ વારમાં પદ્મરાગમણિ ક્યાં ગયો ? શું તેને પાંખ લાગી ગઈ કે જાતે ઉડીને ચાલ્યું ગયું ? શું કોઈ તેને ચોરીને લઈ ગયું ? નહીં... અહીં ઘરમાં મુનિરાજ સિવાય બીજું કોઈ આવ્યું નથી તો આ મણિ એકાએક ક્યાં ગુમ થઈ ગયું ?

મણિ ગુમ થઈ જવાથી અંગારક વ્યાકુળ થઈ અહીં-તહી ભટકવા લાગ્યા...થોડા સમય પહેલા મણિના તેજથી જગમગાતા તેના ઘરમાં હવે અંધકાર છવાઈ ગયો હતો...જાણે પૃથ્વી કાંપવા લાગી...મણિના ગુમ થઈ જવાથી જાણે તેને પોતાની પ્રતિષ્ઠા ચાલી ગઈ—એમ લાગવા માંડ્યું. તેને ચિંતા થવા લાગી કે હવે મહારાજને શું જવાબ

આપીશ ? હે ભગવાન ! હવે શું થશે ? એમ નિરાશામાં ઘેરાયેલો અંગારક ક્રોધથી લાલ-પીળો થઈ ગયો. હવે ભલે જે કાંઈ થાય, પરંતુ આ મણિને ગોતીને જ રહીશ. ત્યારે તેના મનમાં એવા ખોટા વિચારો આવ્યા—

“અરે ! હમણા-હમણાં જ્ઞાનસાગર મુનિરાજના આહારાદાન સમયે મણિને પેટી ઉપર મૂક્યો હતો.....અને તે મુનિરાજ આહાર લઈને પાછા જાય છે અને મણિ ગુમ થઈ જાય છે. આ વચમાં બીજો કોઈ વ્યક્તિ મારા ઘરમાં આવ્યો જ નથી...માટે.... ? માટે... હો ન હો જરૂર આ મુનિરાજનો જ આમાં હાથ હોવો જોઈએ ? બસ ! નિર્ણય થઈ ગયો !!”

—આ વિચાર આવતા જ જે યોગીરાજ પ્રતિ એકક્ષણ પહેલા તેને અત્યંત ભક્તિ અને શ્રદ્ધાનો અગાધ દરિયો ઉછળી રહ્યો હતો, હવે તે મુનિરાજના પ્રત્યે ભયંકર ક્રોધથી અંગારક અંગારા સમાન બની ગયો.

“જરૂર તે મુનિરાજ નહોતા, પણ મુનિના વેષમાં કોઈ ચોર હશે... તે ઢોંગીનું જ આ કામ લાગે છે.”

તોપણ હમણાં જ જોયેલી તે વીતરાગી મુનિરાજની ભવ્યમુદ્રા અને હૃદયમાં વિદ્યમાન જૈન ધર્મ પ્રત્યે અતિશય ભક્તિને કારણે કલાકારના અંતરંગમાંથી અવાજ આવી—

“અરે અંગારક ! આ શું ? શું તું ગાંડો થઈ ગયો છે ? જેમણે ઈન્દ્ર સમાન વૈભવને છોડી દીધા.... અને સંસારને ઘાસ સમાન જાણીને તેનો ત્યાગ કરી દીધો, જગતના પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિને છોડીને તે ઘણા આગળ વધી ગયા છે—શું તે મહામુનિરાજ તારા પત્થરના એક ટુકડાને ચોરશે ? સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એવા વિશ્વ વંદ્ય રત્નોથી જેમનો આત્મા શોભાયમાન છે, શું તે આ જડરત્ન ઉપર મોહિત થાય ? અરે ! જેમણે પોતાના આત્મામાં સ્થિત ચૈતન્યમણિ પ્રાપ્ત કરી લીધો છે, તે આ અચેતન મણિનું શું કરશે ?” (ક્રમશઃ) ❋

---

સાચી તત્ત્વદૃષ્ટિ થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ વગેરેના શુભ ભાવમાં જ્ઞાની જોડાય, પણ તેનાથી ધર્મ થશે એમ તે માને નહિ. સમ્યગ્દર્શન થયા પછી સ્થિરતામાં આગળ વધતાં વ્રતાદિના પરિણામ આવે, પરંતુ તેનાથી ધર્મ ન માને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્મળ શુદ્ધ પર્યાય જેટલે જેટલે અંશે પ્રગટે તેને જ ધર્મ માને. દયા-પૂજા-ભક્તિ વગેરેના શુભ પરિણામ તો વિકારી ભાવ છે; તેનાથી પુણ્યબંધ થાય પણ ધર્મ ન થાય.

—પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં. ૧૯૩.

## અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ આનંદોલ્લાસથી ઊજવાયેલ
# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો
# મહામંગલકારી ૧૩૦મો જન્મ મહોત્સવ
### પંચાહ્નિક આયોજન

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૩૦મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૨-૫-૨૦૧૯ થી તા. ૬-૫-૨૦૧૯ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક સમારોહપૂર્વક અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ દ્વારા ઊજવવામાં આવ્યો હતો.

### બાહુબલી—જમ્બૂદ્વીપ પરિસરમાં શ્રી જમ્બૂદ્વીપમાં
### શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિંબ વિધાનનું ભવ્ય આયોજન

આ ઉત્સવમાં શ્રી જમ્બૂદ્વીપ બાહુબલી પરિસરમાં શ્રી જમ્બૂદ્વીપ મધ્યે ઉત્તર દિશામાં પૂજન મંડપનું આયોજન થયું હતું. તેમાં જંબૂદ્વીપનું ભવ્ય માંડલું તૈયાર કરવામાં આવ્યું હતું તેમાં જમ્બૂદ્વીપમાં આવતા પર્વત, નદી, સરોવર આદિ સુશોભિત કરીને દર્શાવવામાં આવ્યા હતા. જેને જોઈને મુમુક્ષુઓને ભવિષ્યમાં રચના થનાર જંબૂદ્વીપનો તાદૃશ્ય ચિતાર મસ્તિકમાં અંકિત થતો હતો. ઉત્સવ પ્રારંભના પૂર્વ તા. ૧-૫-૨૦૧૯ના રોજ જમ્બૂદ્વીપમાં બિરાજમાન થનાર ભગવંતોમાંથી પ્રતિકરૂપે નવ ભગવંતોને શોભાયાત્રાપૂર્વક વાજતે-ગાજતે જમ્બૂદ્વીપમાં લાવવામાં આવ્યા હતા. તથા તે દિવસે પ્રવચન તથા ભક્તિ પણ ત્યાં કરવામાં આવી હતી. તથા ધાતકી વિદેહના ભાવી તીર્થંકરની અધ્યક્ષતામાં શ્રી જમ્બૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિંબ વિધાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર ડોમ મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પ્રવચન, પ્રાસંગિક—ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પદ્મનંદી પંચવિંશતિ ઉપર પ્રવચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અખિલ સૌરાષ્ટ્રના વિવિધ મંડળોએ અલગ-અલગ નાટકમાં ભાગ લીધો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આયોજક મંડળ દ્વારા ઘણી મહેનત કરી અતિ સુંદર અને રોચક રીતે પ્રસ્તુત કર્યા હતા.

આ ઉત્સવના ત્રીજા દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી જન્મધામ ઉમરાળાનું આયોજન કરવામાં આવેલ હતું. સવારે પૂજન પછી મુમુક્ષુઓ બસ દ્વારા ગુરુજન્મધામની યાત્રા કરી ઘણા પ્રમુદિત થયા હતા.

### ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૫-૫-૨૦૧૯ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના

ભાવિ-તીર્થંકરદેવ'ના રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો.

ઉત્સવના ચાર દિવસ આયોજક પરિવાર દ્વારા સાંજી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સાંજીભક્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પ્રસંગો તથા વિવિધ ભક્તિ નૃત્યગીતો સહ ઉપરોક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ અત્યંત ભાવવાહી રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

### ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું ત્યારબાદ પ્રાસંગિક જાહેરાતો થઈ પશ્ચાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રી દેવવિમાનમાં વાજતે-ગાજતે પધાર્યા હતા આ પ્રસંગને સૌરાષ્ટ્ર મંડળ દ્વારા અતિ ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યો હતો. બાદમાં પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રી રમેશચંદ્ર નારણદાસ શાહ પરિવાર, સુરેન્દ્રનગરના સભ્યોને મળ્યો હતો ત્યારબાદ અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્ય અને અવિસ્મરણીય રીતે ઉજવવા માટે આયોજક શ્રી અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદે ઘણી જ જહેમત ઉઠાવી હતી. સમાગત મહેમાનોને આવાસ તથા ભોજનની વ્યવસ્થામાં સંતોષનો અનુભવ થયો હતો. આ મહોત્સવનો સંપૂર્ણ ખર્ચ આયોજક અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ દ્વારા આપવામાં આવ્યો હતો. * * *

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## (૭૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના એક જ શબ્દમાં ઉત્તર આપો.)

(૧) જે સમયે આત્માનો જ્ઞાનગુણ સમ્યક્ અવસ્થાને પામે છે, અને કેવળ શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે સમયે કઈ ચેતના હોય છે ? ..............

(૨) દર્શનમોહનીય કર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી શેની પ્રાપ્તિ થાય છે ? ..............

(૩) સમયસારમાં કર્તાકર્મ અધિકારમાં આત્મા અને કોનો ભેદ જાણવાથી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે તેમ કહ્યું છે ? ..............

(૪) કષાયભાવ ક્યા ગુણની વૈભાવિક અવસ્થા છે ? ..............

(૫) વિકલ્પ ક્યા ગુણની પર્યાય છે ? ..............

(૬) પાંચ ભાવ પૈકી મોહથી માંડીને જેટલા ઘાતિકર્મ છે તે બધાના ઉદયથી આત્માનો જે ભાવ થાય છે તે ક્યા પ્રકારનો ભાવ છે ? ..............

(૭) પ્રદેશ, પ્રકૃતિ આદિ ચાર પ્રકારનાં બંધમાં આત્માને સાક્ષાત્ દુઃખ આપનાર અને આત્માના ગુણોનો ઘાત કરનાર ક્યો બંધ છે ? ..............

(૮) દશ પ્રાણ પૈકી તેરમાં ગુણસ્થાનમાં કેટલા પ્રાણ હોય છે ? ..............

(૯) નિર્ધન મનુષ્યોની પાસે ધન નથી અને અભિલાષા અત્યંત છે તેથી દુઃખી છે, અને જે ધનવાન છે તેની અતૃપ્તિપણારૂપ તૃષ્ણાથી તેઓ પણ કેવા છે ? .............

(૧૦) સમયસારમાં કહ્યું છે કે રાગાદિ ચિદ્‌વિકાર ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપતા નથી તેથી ચેતન નથી તો કોના કહેવામાં આવેલ છે ? ..............

(૧૧) ૨૪ તીર્થંકર પૈકી કેટલા તીર્થંકર ભગવાનનું ચિહ્ન બે ઇન્દ્રિય જીવ છે ?..........

(૧૨) મોક્ષપાહુડમાં બંધ મોક્ષના કારણની કથની કહેતા કહ્યું છે કે જે પરદ્રવ્યના નિમિત્તથી રાગભાવ થાય તે બંધનું કારણ છે અને વિરાગભાવને શેનું કારણ કહ્યું છે ? ..............

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત-૧૫૦માં કહ્યું છે કે, પર્યાયદૃષ્ટિએ વિકારી પર્યાય આત્માની છે પણ સ્વભાવદૃષ્ટિએ તે આત્માનો શું નથી કે જેથી તેને પૌદ્‌ગલિક કહ્યા છે ? ..............

(૧૪) પૂજ્ય બહેનશ્રીના વચનામૃત-૫૩માં કહ્યું છે કે, જે મુનિઓ અસંગપણે,

સ્વરૂપગુપ્ત થઈ પ્રચુર સ્વસંવેદનમાં પ્રવર્તે છે તેને ક્યું લિંગ કહ્યું છે ?..........

(૧૫) સાત ભય પૈકી જો સ્વર્ગલોકમાં જન્મ થાય તો સારું, નીચ ગતિમાં મારો જન્મ ન થાવ તે પ્રકારે મનની વ્યાકુળતા તે ક્યા પ્રકારનો ભય છે ? .............

(૧૬) જે નામકર્મના ઉદયથી પોતાનો ઘાત કરવાવાળા અંગ હોય છે તેને ક્યું નામ કર્મ કહે છે ? .............

(૧૭) આહારાદિ ચાર સંજ્ઞા પૈકી સાતમા ગુણસ્થાનમાં કેટલી સંજ્ઞા હોય છે ?..........

(૧૮) મિથ્યા, માયા અને નિદાન એ શલ્યના ત્રણ પ્રકારમાં અતત્ત્વશ્રદ્ધાનરૂપ ભાવને ક્યા પ્રકારનું શલ્ય કહે છે ? .............

(૧૯) લક્ષણના ત્રણ પ્રકારનાં દોષમાં લક્ષ્ય અને અલક્ષ્યમાં રહેવાવાળા લક્ષણને ક્યો દોષ કહે છે ? .............

(૨૦) પાંચ લબ્ધિમાં કર્મોની સ્થિતિ ઘટીને અંતઃક્રોડાક્રોડી માત્ર રહી જાય તે કઈ લબ્ધિ છે ? .............

## બાળકો માટેના આપેલ પ્રશ્ન મે – ૨૦૧૯ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ફતેહમંદ | (૩) સમયસાર | (૭) આકાશ |
| (૨) સહજાત્મસ્વરૂપ | (૪) ૐ સહજ ચિદાનંદ | (૮) મોક્ષમાર્ગપ્રકાશક |
| સર્વજ્ઞદેવ | (૫) સોનગઢ | (૯) ૯ |
| પરમગુરુ | (૬) હેય | (૧૦) અશરીરી |

| | | |
|---|---|---|
| (૧૧) | વિદેહક્ષેત્ર .................................. | શ્રી સીમંધર ભગવાન |
| (૧૨) | ગિરનારજી .................................. | નેમિનાથ ભગવાન |
| (૧૩) | ચંપાપુરી .................................... | વાસુપૂજ્ય ભગવાન |
| (૧૪) | બનારસ(કાશી) ............................. | પારસનાથ ભગવાન |
| (૧૫) | કૈલાસગિરિ .................................. | ઋષભદેવ ભગવાન |
| (૧૬) | પાવાપુરી .................................... | મહાવીર ભગવાન |
| (૧૭) | માંગીતુંગી .................................. | રામચંદ્ર ભગવાન |
| (૧૮) | પોન્નૂર ........................................ | શ્રી કુંદકુંદાચાર્ય |
| (૧૯) | સોનગઢ ..................................... | કાનજીસ્વામી |
| (૨૦) | વવાણીયા .................................... | શ્રીમદ્ રાજચંદ્ર |

## (૭૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**નીચે આપેલ વાક્યોમાંથી જે જવાબ સાચા હોય તે આગળ નિશાની ✓ કરવી અને જેના જવાબ ખોટા હોય તેનાં આગળ X કરવી**

(૧) સાતમી નરકમાં એટલી ગરમી હોય છે કે મેરુપર્વત જેવડો લોખંડનો ગોળો ઓગળી જાય. ( )

(૨) મિથ્યાદૃષ્ટિ જીવો મરીને નરકમાં જ જાય છે. ( )

(૩) શ્રવણબેલગોલામાં શ્રી બાહુબલીની મૂર્તિ ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલ છે.( )

(૪) કેવળજ્ઞાન માત્ર સિદ્ધ ભગવંતોને જ હોય છે. ( )

(૫) સમ્યક્દર્શન વગર જીવ ૯માં ગ્રૈવેયક સુધી જઈ શકે છે. ( )

(૬) વાસુદેવ અને પ્રતિવાસુદેવ નરકમાં નિયમથી જાય છે. ( )

(૭) તીર્થંકર ભગવાનને આહાર કે નિહાર હોતા નથી. ( )

(૮) તીર્થંકર ભગવાનને ૩૬ ગુણ હોય છે. ( )

(૯) બધા અરિહંત ભગવાનને સમવસરણ હોય છે ( )

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ પાલેજમાં વ્યાપાર કર્યો હતો. ( )

**નીચે આપેલ ૧૦ શબ્દોના આગળ જોડ બનાવો**

| | | |
|---|---|---|
| (૧૧) | શત્રુંજય તીર્થક્ષેત્ર ........................... | જ્ઞાન |
| (૧૨) | સમયસારનો ભાઈ ......................... | સમ્યક્દર્શન |
| (૧૩) | મહાવીર ભગવાનનો મોક્ષ ................ | સિદ્ધ ભગવાન |
| (૧૪) | આત્માનો સ્વભાવ ......................... | પાંચ પાંડવ મુનિ |
| (૧૫) | સિંહના ભવમાં આત્મજ્ઞાન................ | નિયમસાર |
| (૧૬) | મોક્ષનું મૂળ ................................ | સમવસરણ |
| (૧૭) | ધર્મનો દરબાર.............................. | ઈન્દ્રભૂતિ |
| (૧૮) | વગર શરીરની સુંદર વસ્તુ ................ | મહાવીર ભગવાન |
| (૧૯) | ગૌતમ સ્વામીનું નામ ...................... | રત્નત્રય |
| (૨૦) | મોક્ષમાં જવાનું વિમાન .................... | દીપાવલી પર્વ |

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન મે—૨૦૧૯ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) મોક્ષ, સ્વર્ગ | (૮) સ્વર્ગ | (૧૫) સ્વર્ગ |
| (૨) સ્વર્ગ | (૯) નરક | (૧૬) મોક્ષ |
| (૩) નરક | (૧૦) નરક | (૧૭) મોક્ષ |
| (૪) નરક | (૧૧) મોક્ષ | (૧૮) નરક |
| (૫) મોક્ષ, સ્વર્ગ | (૧૨) નરક | (૧૯) સ્વર્ગ |
| (૬) નરક, સ્વર્ગ, મોક્ષ | (૧૩) ત્રીજી નરક | (૨૦) મોક્ષ |
| (૭) સ્વર્ગ, મોક્ષ | (૧૪) મોક્ષ | |

## વૈરાગ્ય સમાચાર :—

* ગઢડા નિવાસી (હાલ હૈદરાબાદ) શ્રી વસંતભાઈ જગજીવનદાસ કામદાર (ઉ.વ. ૮૬) તા. ૩-૧૦-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

* સોનગઢ નિવાસી (હાલ મુંબઈ) શ્રી પ્રવીણભાઈ ટોળીયા (—તેઓ સ્વ. શાંતાબેન ગુલાબચંદ ટોળીયાના સુપુત્ર તથા જનકભાઈના ભાઈ) (ઉ.વ. ૮૧) તા. ૧૭-૧-૨૦૧૯ના રોજ મુંબઈ મુકામે હાર્ટએટેકથી દેહ પરિવર્તન થયું છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

* સુરેન્દ્રનગર નિવાસી (હાલ બોરીવલી-વેસ્ટ) સરોજબેન પ્રફુલભાઈ દેસાઈ તા. ૧૮-૩-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

* રોજકા નિવાસી (હાલ સુરેન્દ્રનગર) શ્રી નરેન્દ્રભાઈ રસિકલાલ શાહ (ઉ.વ. ૬૮) તા. ૨૫-૪-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

* સોનગઢ નિવાસી કુ. ભારતીબેન કામદાર (—તેઓ સ્વ. હીરાબેન ગોવિંદલાલ કામદારના સુપુત્રી) (ઉ.વ. ૭૪) પોતાને કેન્સર થયું તેમ જાણ થતા શુદ્ધાત્માની દૃઢતા સાથે ભેદજ્ઞાનનું ચિંતન કરતાં તા. ૫-૫-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

* કાનાતળાવ નિવાસી (હાલ મુંબઈ-દહીંસર) શ્રી અરજણભાઈ કરમશીભાઈ શિંગાળા (ઉ.વ. ૯૫) તા. ૧૦-૫-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

* હે ભવ્ય જીવ ! આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના જ્ઞાન સહિત વિનય પૂર્વક હંમેશાં કરો, નહિ તો મરણ આવતાં બહુ પશ્ચાત્તાપ થશે કે હું કંઈ કરી ન શક્યો. તથા મરણનો સમય નિશ્ચિત નથી તેથી આત્મજ્ઞાનની ભાવના સદાય કરવા-યોગ્ય છે. (શ્રી સારસમુચ્ચય)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર


● સ્વરૂપની લીલા જાત્યાંતર છે. મુનિની દશા અલૌકિક જાત્યાંતર છે. મુનિરાજ સ્વરૂપના બાગમાં લીલા કરતાં કરતાં એટલે કે સ્વરૂપના બાગમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે છે. દુઃખી થતાં થતાં નહિ પણ સ્વરૂપમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે એવી તેમની જાત્યાંતર દશા છે–લીલા છે. સ્વરૂપ જ જેવું આસન છે, સ્વરૂપ જ જેની બેઠક છે, સ્વરૂપ જ જેનો આહાર છે, સ્વરૂપ જ જેનું વિચરવું છે, સ્વરૂપ જ જેની લીલા છે. અંતરના આનંદની રમતુમાં ચડ્યો તેની લીલા જાત્યાંતર છે. અરે ! સમ્યગ્દૃષ્ટિની લીલા પણ જાત્યાંતર છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં હોય ને ત્યાંથી ઘેર આવી ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. અરે ! કોઈવાર લડાઈના પ્રસંગમાં હોય ને વખત મળતાં ધ્યાનમાં આવી જાય. અરે ! સંસારના અશુભભાવમાં પડ્યા હોય ને ત્યાંથી ખસીને બીજી ક્ષણે ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એ વસ્તુ અંદર પડી છે. તેના મહાત્મ્યના જોરથી નિર્વિકલ્પતા આવી જાય છે. આહાહા ! રાગની ભિન્નતા થઈને, સ્વરૂપની એકતા થઈને, આનંદના ખજાનાના તાળા ખુલી ગયા છે એ અશુભભાવના પ્રસંગમાંથી ખસીને ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં આવી જાય છે. એ બધો ચમત્કાર પૂર્ણાનંદનો નાથ જાણ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ જાગ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ આખો કબજે થઈ ગયો છે એ એની જાત્યાંતર લીલા છે. અરે ! કોઈ જીવ નિગોદમાંથી નીકળીને આઠ વર્ષે સમ્યગ્દર્શન પામી તુરત મુનિ થઈ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં દેહ છૂટતાં સિદ્ધ થઈ જાય. આહાહા ! સ્વરૂપની જાત્યાંતર લીલા જ કોઈ અદ્‌ભુત છે. અને સમ્યગ્દર્શન વિનાના વ્રત કરે, તપ કરે, ઘરબાર છોડી મુનિ થાય તોપણ એની લીલા જાત્યાંતર નથી. સંસારની લીલા હતી તેની તે જ છે. ૩૬૩.

● આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત ! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬૪.

આત્મધર્મ
જૂન-૨૦૧૯
અંક-૧૦ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-6-2019
Posted on 1-6-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org